# અધ્યાત્મ

**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦**/ (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી–સંપાદક :** શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :** ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર– ૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો :** ૧. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૨. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી. ૩. શ્રી આશીષ ગોહિલ–avgohil1@gmail.com
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક :** નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


### ★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

### ★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફલેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઇજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી અમૂલ્ય સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| વ્યાકુળતાની જરૂર | મહાત્મા યોગેશ્વરજી | ૪ |
| દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ | મા સર્વેશ્વરી | ૭ |
| ‘મા’ સર્વેશ્વરીનું આંતરઐશ્વર્ય | પ્રો.તરલા દેસાઇ | ૧૨ |
| મારા પૂ. દાદાને | કુ. સુકૃતિ અજય જાની | ૧૭ |
| એક અનોખી યાત્રા | મા સર્વેશ્વરી | ૧૮ |
| બેનર વગરનું સત્કર્મ | મા સર્વેશ્વરી | ૩૭ |
| Dialogue with the Lord During Meditation | Jayadayal Goyandka | ૩૯ |
| રણછોડદાસજીના પ્રેરક પ્રસંગો | પરમાર્થી, મૂળ લેખિકા દમયંતી સેજપાલ | ૪૩ |
| **त्वमेव पितरौ न च विप्रयोगः ।** | જ્યોત્સ્નાબહેન ત્રિવેદી | ૪૯ |
| એક ભાવનાત્મક વડીલની વાત | ડો. સુધીર મોદી | ૫૬ |
| શ્રી રસેશ્વરી | શ્રી યોગેશ્વરજી | ૬૦ |

# સદ્‌ભાવભરી અમૂલ્ય સહાય

—મા સર્વેશ્વરી

**શ્રી સરસ્વતીબહેન જાનીને**

જેમણે સ્વામી નારાયણ સંપ્રદાયના સમર્થ સંત શ્રી ગોપાલાનંદ સ્વામીના કુળમાં દીકરી બની આંખ ઉઘાડી.

જે બાયલના જાની પરિવારના સતી સાધ્વી શ્રી કમલમાના કુળમાં લગ્નગ્રંથીએ જોડાયાં.

જેમણે શ્રી નારાયણભાઈ જાનીના સાચા ધર્મપત્ની બનીને મહાપુરુષ શ્રી યોગેશ્વરજીની તન—મન—ધનથી સેવા કરી સત્સંગ પામ્યાં. સંત પરબનાં પાણી પીધાં અને પાયાં.

જેમણે પોતાના બધા જ સંતાનોને સંત ચરણે વાળ્યા અને ઠાર્યા.

જેમણે અધ્યાત્મના તંત્રી શ્રી નારાયણને સંપૂર્ણ સહયોગ ધરી સતત કર્તવ્યક્ષેત્રે જાગતા રાખી દોરતાં રહ્યા.

હે સરસ્વતીદેવી! આજે આપની સર્વ વિશેષતાઓને વંદન કરતાં કરતાં આપના ઉપકારોનું સ્મરણ કરતાં કરતાં અમો સહુ બાળકો ધન્યતા અનુભવતા આ અંક આપને અર્પણ કરીએ છીએ.

**શ્રી નારાયણ જાની પરિવારનાં બાળકો**
**રાજેન્દ્ર, જ્યોત્સ્ના, પિનાકિન, અજય.**



# વ્યાકુળતાની જરૂર

**યોગેશ્વરજી**

ઈશ્વરને માટેની વ્યાકુળતા ને તન્મયતાના આ પ્રકાર કોઈના જીવનમાં મૂર્ત થયેલા દેખાય છે ખરા? એવું એક પણ દૃષ્ટાંત પ્રેમની આ પરમ ને અનન્ય અવસ્થાને સમજાવવા ને સ્પષ્ટ કરવા આપી શકાય એમ છે ખરું? ગોપીઓનું દૃષ્ટાંત આ પ્રશ્નના ઉત્તર રૂપ છે. ગોપીઓ પ્રેમ માર્ગની આચાર્યા છે. પ્રેમના પાવન ને કલ્યાણકારક મંદિરના સર્વોચ્ચ શિખરે તે પ્રતિષ્ઠિત થઈ છે. એમ કહો કે પ્રેમની જ તે પ્રતિમા છે : પ્રેમે જ પોતાના મહિમાનું પ્રદર્શન કરવા ભગવાન શ્રી કૃષ્ણ ને ગોપીઓના રૂપમાં જન્મ લીધો છે એમ કહી શકાય.

ગોપીઓને ભગવાન શ્રી કૃષ્ણમાં કેટલી બધી પ્રીતિ હતી! તે પોતે સંસારમાં રહેતી પણ તેમના મનમાં શ્રી કૃષ્ણના વિના કોઈનું યે સામ્રાજ્ય ન હતું. શ્રી કૃષ્ણના અદ્‌ભુત અનુરાગમાં તે આસક્ત હતી. ગોપીઓના જીવનની આ અનુરાગ વૃત્તિને સાચા અર્થમાં સમજવા માટે ગોપીઓના જેવું જ હૃદય જોઈએ : ભગવાન પર ગોપીઓ જેવો જ પ્રેમ જોઈએ. તે વિના ગોપીનું હૃદય સમજી શકાય નહીં.

મીરાં, તુલસી, સૂર ને નરસી તેમજ ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ ને તુકારામ મહારાજનાં જીવન પણ ઈશ્વર પ્રેમ ને વ્યાકુળતાના અજોડ દૃષ્ટાંતરૂપ છે. ઈશ્વરને માટે તેમના અંતર રાતદિવસ ઝંખતા ને રડતાં હતાં. ઈશ્વરના જ પ્રેમમાં તે

મસ્ત થઇ ગયા હતાં, ને ઇશ્વરના જ રંગે રંગાઇ સંસારમાં એક ઇશ્વરને જ માટે તે જીવતાં હતાં. રામની નિશદિન રાહ જોતી શબરી ને વાલ્મિકી આ પ્રેમ ને વ્યાકુળતાના નમૂના હતા. ને આજે પણ એવા કોઇ કોઇ બડભાગી જીવો આ સંસારમાં છે ને ઇશ્વરના જ પ્રેમજલમાં મીન જેમ જીવે છે, ને ઇશ્વરમાં જ જેમની શાંતિ ને ઇશ્વર પ્રાપ્તિ જ જેમની એકમાત્ર લગન છે.

આ પ્રેમ કે વ્યાકુળતા કાંઇ એમનેમ આવતા નથી. હૃદયના મલ દૂર થયા વિના, સંસારી વસ્તુઓની મમતા ને આસક્તિ મટ્યા વિના, ઇશ્વરપ્રેમની આ પ્રસાદી સહેજમાં મળી શકતી નથી. તે માટે આકરું તપ કરવું પડે છે, જીવનને સતત પુરુષાર્થી બની ધોવું પડે છે, ને સત્યને વફાદાર રહી, ઇશ્વર પ્રાપ્તિને પંથે વળવાનું વ્રત લઇ, મૂંગોમૂંગો વિકાસ કરવો પડે છે. ધન કીર્તિ ને સ્ત્રીની તૃષ્ણામાંથી મનને પાછું વાળી લઇ એક ઇશ્વરને માટે જ ભેખ ધારણ કરવો પડે છે, ને ઇશ્વરમાં જ આસક્ત બની, વાસના ને મેલી વૃત્તિઓની હોળી કરી, ઇશ્વર પ્રાપ્તિ ના થાય ત્યાંસુધી સાધનામાં તત્પર રહેવું પડે છે. આ શક્તિ બધામાં નથી હોતી એટલે પ્રેમ ને વ્યાકુળતાની આ અવસ્થા કોકને જ પ્રાપ્ત થતી દેખાય છે. પણ એટલું સાચું છે કે ઇશ્વર ને ઇશ્વરના પ્રેમની પ્રાપ્તિ માનવનો જન્મસિદ્ધ અધિકાર છે. ને આજે નહિ તો કાલે—આ જન્મમાં નહિ તો બીજા જન્મમાં, તેથી સંપન્ન થવું જ પડશે. તે વિના માનવને શાંતિ, પૂર્ણતા કે જીવનસાફલ્ય કે બંધનોથી મુક્તિ નહિ જ મળી શકે.

જેને ઇશ્વરી પ્રેમની પ્રાપ્તિ થઇ તેને વ્યાકુળતા પણ થવી જ



જોઇએ એ નિયમ છે. જેમ યજ્ઞકુંડમાં ઘીની આહુતિ આપવાથી અગ્નિ વધારે ને વધારે પ્રજ્વલિત થાય છે, તેમ ભક્તની વાસનાની ભસ્મભૂમિમાં જાગેલા પવિત્ર ભાવનાના યજ્ઞકુંડમાં ઇશ્વરસ્મરણની આહુતિ જેમ જેમ અપાતી જાય છે તેમ તેમ ઇશ્વરપ્રેમ ને વિરહાગ્નિની પાવન જ્વાલા જાગતી જાય છે, જે ભક્તના તનમન ને સારાય વાયુમંડલને પવિત્ર કરે છે. આ વિરહવેદના કે વ્યાકુળતા જ ભક્તનું જીવન છે એમ કહીએ તો ખોટું નથી. પણ સાથે સાથે એ પણ યાદ રાખવાનું છે કે વ્યાકુળતાને લાંબો વખત ટકાવી રાખવામાં જ આનંદ માનવાની વૃત્તિ બરાબર નથી. વ્યાકુળતા સાધ્ય નથી, પણ સાધન છે માટે વ્યાકુળ થઇને બનતી વહેલી તકે ભક્તે ઇશ્વરના સાક્ષાત દર્શન કરી લેવા ને ઇશ્વર સાથે અખંડ ને પ્રત્યક્ષ સંપર્ક સાધવા પ્રયત્નશીલ રહેવું જોઇએ. તે વિના પ્રેમ કે ભક્તિની સાધના શેષ રહે છે, પ્રેમભક્તિની પગદંડીએ થતી યાત્રા અપૂર્ણ જ રહી જાય છે.

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૭ જાન્યુઆરી—૨૦૧૫ અંક ૪

## દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ

**મા સર્વેશ્વરી**

હવે આજે દક્ષિણ આફ્રિકા માટે જરૂર નીકળવાનું છે. જરૂર. જરૂર. દક્ષિણ આફ્રિકા પહોંચીશું આજે આપણે. ઘણો સારો પ્રવાસ રહેશે એ. ત્યાંનો નિવાસ તથા કાર્યક્રમ ખૂબ ખૂબ સારો સુખદ રહેશે. પાછા આવીશું ભારતમાં દક્ષિણ આફ્રિકાથી. આ વખતે થોડીક મુશ્કેલી પડી છતાં બધી રીતે અહીં સારું રહ્યું રહેવાનું. હવે આજે જરૂર આપણે નીકળીશું વિમાનમાં દક્ષિણ આફ્રિકા માટે. **—યોગેશ્વર**

સવારે ૯—૧૫ તા. ૧૭—૧૧—૧૯૮૨, બુધવાર

**હરિઃ ૐ**

આજે સવારે પૂ. શ્રીએ હંમેશ મુજબ યાત્રા માટે પરમશક્તિની આજ્ઞા જાણી લીધી. પરમશક્તિએ ઉપર મુજબનો આદેશ આપ્યો સવારે નવ ને પંદર મિનિટે.

અને સાચે જ વિદેશની ધરતી ઉપર દૂર દૂર જવા માટે ૧૧.૧૫ મિનિટે એરપોર્ટ ઉપર આવી ગયાં.



તા. ૧૪નું હવાઇ જહાજ રદ થયું હતું. આજે બુધવાર. એઆઇ ૭૪૫ના હવાઇ જહાજમાં ૨૪એ, ૨૪બીની સીટ ઉપર બેસવાનું બન્યું. એરપોર્ટના અંદરના ભાગમાં શ્રી જીતુભાઇ, શ્રી જે. વી. શાહ, હિંમતભાઇ, ભરત, શ્રી મધુસૂદનભાઇનાં પરિવારે વિદાય આપી. કુ. શાંતાબેન જેઓ અહીંનાં કાર્યકર્તા છે, તેઓએ હવાઇ જહાજના અંદર પ્રવેશવાના પ્રવેશદ્વાર સુધી આવીને વિશેષરૂપે વિદાય આપી.

એક જ વરસમાં બે વાર હવાઇ જહાજમાં બેસવાનું બન્યું. ૨૦મી જાન્યુઆરી, ૧૯૮૨એ મુંબઇ આવવાનું અમેરિકાથી બન્યું હતું. આજે ૧૭ નવેમ્બર ૧૯૮૨એ ફરીથી વિદેશયાત્રા શરૂ થઇ.

પૂ. શ્રીએ આજે પણ સૌ ઉપર, સાલમુબારક કહી, સુખી થાઓ એવા આશીર્વાદની વર્ષા ચાલુ જ રાખી.

સતત છ કલાકની યાત્રા પછી મોરીશીયસના એરપોર્ટ ઉપર ઊતર્યા ત્યારે ભારતની ઘડિયાળમાં આઠ વાગ્યા હતા. મોરીશીયસની ઘડિયાળમાં સાત વાગ્યા હતા.

નાનકડું એરપોર્ટ. ૭૪૫નું જ પ્લેન ફક્ત ઊભું હતું. જરૂરી વિધિ, તરત જ ટેબલ ઉપર ચાલુ થઇ. દશ મિનિટમાં એ કાર્ય પૂર્ણ થયું.

ત્યાં તો ડરબનમાં જ વરસોથી રહેતા એક પ્રેમાળ ભાઇ મળી ગયા. તેમણે ખૂબ પ્રેમથી વાતો કરી.

નવ વાગ્યા ભારતની ઘડિયાળમાં ત્યારે એ જ પ્લેન ફરી ઊડ્યું. જેમાં ૧૭ડી, એફ સીટ ઉપર બેઠાં. પૂ. શ્રીએ જીતુભાઇ વડોદરા હવે પહોંચી ગયા હશે એમ કહી એમનું સુખદ સ્મરણ કર્યું.

અહીંથી લગભગ ચાર કલાકની યાત્રા હજી બાકી છે.

પરમશક્તિના આદેશ મુજબ સાચે જ આજે ડરબન પહોંચી જવાનું બનશે.

મોરીશીયસના એરપોર્ટ ઉપર થોડો વરસાદના છાંટાનો અનુભવ થયો.

ડરબન એરપોર્ટ ઉપર ભારતીય સમય પ્રમાણે રાત્રે એક વાગ્યે ઊતર્યા. ત્યારે ડરબનમાં રાતના સાડા નવ થયા હતા.

વીસાનું કાર્ય પંદર મિનિટમાં પૂર્ણ થયું. ત્યાં તો અહીંના મુખ્ય યજમાન શ્રી શાંતિભાઇ અંદર આવી ગયા. કસ્ટમમાં બધાંના સામાનનું ચેકીંગ થતું હતું. ત્યાંના અધિકારીઓને પૂ. શ્રીનો પરિચય આપ્યો, જેથી સામાનનું ખાસ ચેકીંગ ન થયું.

બહાર નીકળ્યાં ત્યાં તો દશબાર ભાઇઓ અને પાંચસાત બહેનો સ્વાગત માટે ઊભાં હતાં.

સંસ્થાના પ્રમુખે પૂ. શ્રીને ફૂલોનો સુંદર હાર અર્પણ કર્યો. એક બહેને મા સર્વેશ્વરીને ફૂલોનો સુંદર મોટો ગુચ્છો અર્પણ કર્યો.

સંસ્થાના પ્રમુખે સ્વાગત કરતાં કહ્યું : અમારા આમંત્રણને માન આપી આપ બન્ને અહીં પધાર્યા છો. આપનો પ્રવાસ સફળ થાઓ. આપના આગમનથી અમને સૌને ખૂબ આનંદ થાય છે.

પૂ. શ્રીએ પ્રત્યુત્તરમાં જણાવ્યું કે, અહીં ત્રણ માસ દરમ્યાન સુંદર કાર્યક્રમ બનાવજો જેથી જનતાને વધુ ને વધુ લાભ મળે. તમારા સૌનો પ્રેમભાવ જોઇ આનંદ થાય છે.

નવું વરસ સૌને માટે સુખકારક બનો. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ.



નાનકડો વાર્તાલાપ એરપોર્ટ ઉપર ઔપચારિક વિધિ રૂપે થયો.

જેમની ગાડીમાં બેસવાનું બન્યું તેમને ત્યાં અમારો ઉતારો હતો. તે શ્રી છોટુભાઇ નાયક. પતિપત્ની પ્રેમાળ મિલનસાર જણાયાં.

ઉતારો ત્રીજે માળ હતો. ઓટલા ઉપર સાથિયો અને સ્વસ્તિક જોવા મળ્યા.

અંદર પ્રવેશ્યાં તો બેઠકખંડમાં ચારે તરફ પ્રભુનાં વિવિધ સ્વરૂપોની તસવીરો જોવા મળી. ટેબલ ઉપર નાનકડું મંદિર હતું, જેમાં ભગવાન શ્રી કૃષ્ણની મૂર્તિ જોવા મળી.

બેઠકખંડમાં એકાદ કલાક બેઠાં. કારણ, એરપોર્ટ ઉપર જે ભાઇબહેનો સ્વાગત માટે આવ્યાં હતાં તે બધાં જ અહીં પણ આવ્યાં હતાં.

પૂ. શ્રીએ પોતાના વિશેષ નિયમની, પોતે કથાકાર નહીં પણ મહાત્મા છે અને પ્રવચન કરે છે એ અંગેની સ્પષ્ટ સમજ આપી.

ત્યાં તો ડરબનની ઘડિયાળમાં સાડા બાર વાગવાની તૈયારી હતી. ભારતમાં સવારના ચાર વાગી ગયા હતા. સૌએ નમસ્કાર કરી વિદાય લીધી.

પૂ. શ્રીએ દૂધ લીધું. પછી આરામ કર્યો. મુંબઈથી બેઠા ત્યારથી સો માળાનો નિયમ પૂરો કર્યો. સરળગીતાનો પૂરો પાઠ કર્યો. થોડીઘણી વાતો કરી.

મુંબઈથી બેઠાં ત્યારે પાસેની સીટ ઉપર એક વોરા કોમનાં બહેન હતાં. તેમની સાથે થોડી વાતો થઇ. તે બહેન મક્કાની હજયાત્રા કરીને જોહાનિસબર્ગ જઇ રહ્યાં હતાં, જેથી તેમના

ધર્મની ઘણી વાતો જાણવા મળી. આનંદ આવ્યો.

મોરીશીયસના એરપોર્ટ ઉપર અમારી પાસે જે વોટરબેગ હતી તેનું પાણી અને કાજુ બદામ વ. લીધું. વિમાનમાં અપાતો ખોરાક સ્વચ્છ હોય છે પરન્તુ તે લેવાનું પસંદ પડતું નથી.

મુંબઇ ઘરેથી બપોરે ૧૧ વાગ્યે નીકળેલા ત્યારથી મળસ્કે ચાર વાગ્યા પછી એટલે કે સત્તર કલાક પછી પથારીમાં લાંબા થઇને આરામ કર્યો.

પ્રથમ જ દિવસ છે, પ્રથમ જ પરિચય છે, છતાં અહીં વસતી ગુજરાતી જનતા ભાવિક લાગે છે.

જ્યાં ઉતારો છે તે ઘર સ્વચ્છ આહારવિહારવાળું છે. રસોડામાં પણ કડક નિયમો પળાય છે. સાધુસંતોની સેવા આ પરિવાર અવારનવાર કરે છે. પરિવારના મૂળ પુરુષ ૧૯૦૪માં દક્ષિણ આફ્રિકા શિક્ષક તરીકે આવેલા ને અહીં જ વસી ગયેલા. છતાં ધર્મના ચુસ્ત નિયમો પાળતા. જેથી ડરબનમાં આ પરિવારની પવિત્રતા આજે પણ પ્રસિદ્ધ છે.

એવા પવિત્ર ને પ્રસિદ્ધ પરિવારમાં અમારી ઇચ્છા ને ભાવના મુજબ આયોજકોએ ઉતારો ગોઠવ્યો તેમાં પ્રભુની કૃપા માનવી જરૂરી છે.

સંસ્કારી પવિત્ર આહારવાળું બ્રાહ્મણ કુટુંબ વિદેશમાં ભાગ્યે જ જોવા મળે. પૂ. શ્રીના ભોજનના નિયમમાં અહીં સહજ રીતે પ્રભુએ મદદ કરી.

પરમાત્માની મંગલમય યોજના મુજબ દક્ષિણ આફ્રિકાના ડરબન શહેરમાં આજની પ્રથમ નોંધ પૂર્ણ થઇ. હરિઃ ૐ.

(ક્રમશઃ)



# 'મા' સર્વેશ્વરીનું આંતરઐશ્વર્ય

–પ્રો.તરલા દેસાઇ

## 'મા'ની જીવનઝરમર

'મા' સર્વેશ્વરીના સાધારણ જણાતા જીવનમાંથી એમની અસાધરણતાનું અદ્ભુત ઐશ્વર્ય ઊઠે છે. એમના જીવનની ક્ષુલ્લક દેખાતી ઘટનાઓમાંથી એમના મહિમાનું અમૃતગાન ઊઠે છે; એટલે એ દૃષ્ટિએ એમની જીવનઝરમર નિહાળવી રસપ્રદ થઇ રહે.

રામકબીર ભક્તસમાજમાં ઈ.સ. ૧૯૪૩ના નવેમ્બરની ૧૩મી તારીખે અધ્યાત્મપ્રેમી કાલિદાસભાઇ અને પ્રેમ–ક્ષમાની મૂર્તિ ભીખીબાને ત્યાં એક દીકરીએ આંખ ઉઘાડી ત્યારે રાત્રિના નવ વાગ્યા હતા. ત્રણ બહેનો (શારદા–સુશીલા–સાવિત્રી) અને બે ભાઇઓ (વિઠ્ઠલ–વામન)ની આ નાનકડી બેહનનું નામ પિતાશ્રીએ સરોજ પાડ્યું. 'મા'એ 'પોયણું પાંગર્યું'માં લખ્યું છે : 'જે કળી કાદવથી અળગી રહીને ખીલવા આવી છે તેનું નામ એ જ હોય ને?' 'મા' સર્વેશ્વરીના પ્રાગટ્યને વધાવતાં એમના સદ્ગુરુ શ્રી યોગેશ્વરે પણ કહ્યું છે : 'કપૂરાની કમનીય પવિત્ર ધરતી પર એક પાવન ક્ષણે પરમ ધન્ય ક્ષણે પ્રસન્નતાથી પુલકિત, પ્રેમપરિપ્લાવિત પાવન પદ્મ પ્રકટ્યું. એ પદ્મપરિમલ માનવજાત માટે મંગલમય બનવાનો હતો.'

સરોજના જન્મના તેરમા દિવસે તેને ડબલ ન્યુમોનિયા થતાં ભંયકર તાવથી તેને ખેંચ આવી અને અંતિમ શ્વાસ લઇ તેણે

આંખો મીંચી દીધી. દાદીમાએ ડાંગર–જુવારની ટોપલીમાં તેને પધરાવી ને ભીખીબા હૈયાફાટ રુદન કરવા લાગ્યાં તો બાજુવાળાં દૂધીમા બોલ્યાં : 'દીકરી ગઇ તો શું રડવાનું?' પણ આ કરુણ ઘટનાના એકાદ કલાક બાદ પીપલવાડા ગયેલા સરોજના પિતાજી આવ્યા અને એક પળનોય વિલંબ કર્યા વિના મારતે ઘોડે વ્યારા જઇ ડૉ. ગમનલાલને લઇ આવ્યા. ડૉક્ટરે આવતાંવેંત સારવાર શરૂ કરી દીધી અને સરોજે આંખો ખોલી!

'મા' સર્વેશ્વરી આ અત્યંત વિસ્મયકારક ઘટનાના સંદર્ભમાં લખે છે : 'શું એ સરોજનું આયુષ્ય ફક્ત ૧૩ જ દિવસનું હશે? મરણના મુખમાંથી એને કોણ પાછી લાવ્યું? એ નવા જીવનમાં અનેક શુભ સંકલ્પો સાકાર કરવાની ભૂમિકા હશે? કે પછી કોઇ સમર્થ સદ્ગુરુ એને પરમશક્તિની ક્રીડાસ્થલી બનાવવા ઇચ્છતા હશે? પૃથ્વી પર પ્રવેશતાં જ પરમકૃપાનું રક્ષાકવચ પ્રાપ્ત થયું.'

સરોજનું શૈશવ વત્સલ પિતાશ્રીના શ્રીઅંકે આધ્યાત્મિક ઉઘાડ પામ્યું. રોજ સવારે પાંચ વાગ્યે તેઓશ્રી શ્લોકો લલકારે, પછી પથારીમાં સૂતાં–સૂતાં તે સાંભળતી સરોજને પીઠ પર ચઢાવી, વાડામાં લઇ જઇ ખોળામાં બેસાડી શ્લોકો શીખવે. જેમ જેમ સરોજ મોટી થતી ગઇ તેમ તેમ તેના મન–અંતરમાં પિતાજીનાં ઉદાત્ત જીવનમૂલ્યો, ઉમદા માનવ્ય, અદ્ભુત દેશપ્રેમ અને અનહદ પ્રભુપ્રીતિનો અભિષેક એવો થતો ગયો કે, તેઓશ્રી સ્નેહ ધરનારા જનક જ નહીં, તેના આત્મવિકાસના સાચા પ્રહરી બની રહ્યા. સરોજના મનમાં દૃઢ થઇ ગયું કે, 'દોરા–ધાગા તાવીજનું નહીં, રખેવાળું રામનું'. પિતાજી



સરોજને ધાર્મિક પુસ્તકો, બાળસામયિકો લાવી આપે, પ્રવાસોમાં મોકલે પણ હોટલ, સિનેમા, રામલીલા, ભવાઇ કે ઓટલા પરિષદોથી દૂર રાખે.

કુટુંબવત્સલ ભીખીબાએ નમાયાં બનેલાં નણંદનાં ત્રણ છોકરાંઓને પોતાને ઘરે લાવી ઉછેરેલાં. એમનાં પ્રેમ અને ક્ષમા સરોજ માટે કેવા પ્રેરણાસ્રોત બની ગયાં એને માટે એક પ્રસંગ પર્યાપ્ત છે. ઉનાળાની ભરબપોરે ઉપર ધોવાનાં કપડાં લેવા ગયેલાં ભીખીબાની દોઢેક વર્ષની પુત્રી સુશીલાને રડતી જોઇ, તેમના ભાણેજે તેને ઊંચકી અને પાણીથી ભરેલા તપેલામાં એને ઠંડક લાગશે એમ માની ઝબકોળી. (સખત તડકામાં ગરમ પાણીની વરાળ તેને દેખાયેલી નહીં.) તેને બહાર કાઢતાં બાળકીએ ચીસ નાખી તો ફરી તેને પાણીમાં ઝબકોળી. ત્યાં જ ભીખીબા સાબદાં આવ્યાં. દાઝેલી દીકરીને ગરમ પાણીમાંથી બહાર ઊંચકી ખાદીના પાતળા કટકામાં વીંટીને હીંચકે બેસી તેને હીંચકા નાખવા લાગ્યાં. ઠપકાનો એક પણ શબ્દ ઉચ્ચાર્યા વિના! 'મા' લખે છે : 'ક્ષમાના સદ્ગુણને કેટલી હદે વિકસાવી શકાય તેનું સ્વર્ગીય દર્શન ભીખીબાએ કરાવ્યું.'

પ્રેમાળ માતાપિતાના સ્નેહસુરક્ષિત નિર્દોષ, નિષ્ફિકર સરોજનું શૈશવ જોતાં લાગે છે કે, 'પગલીઓ સરોજની છે પણ સંચાર ''મા'' સર્વેશ્વરીનો છે.' અને એટલે જ પ્રાર્થનાના પવિત્ર સંસ્કાર એમના શૈશવની અવિસ્મરણીય મૂડી બની જાય છે. બાળકી સરોજને ઘી એટલું તો ભાવતું કે કઢી, દાળ, પૂરી, ઢોકળાં, પાતરાં, મૂઠિયાં, રોટલા–રોટલી, ભાખરી સર્વ પર તે

ઘીની સીધી ધાર કરી પેટમાં પધરાવતી. આજનાં નિરાહારી ‘મા’ લખે છે : ‘સરોજની કાયામાં વસતા શ્રી વૈશ્વાનલ પ્રભુને ઘીની આહુતિ ધરી ધરીને સદાકાજ પરમ તૃપ્ત કરી દીધા હોય એવું આજે લાગે છે.’ બહેનો સાથે કંઇ વાંકું પડે તો રિસાઇ સીધી સરોજ વ્યારાથી કપૂરા ચાલતી જતી રહે. બહેનોએ ગૂંથી આપેલા ચોટલા છોડી ફરી ફરી ગૂંથાવે. જીદ અને મસ્તી સંગાથી બની જાણે એને સ્વતંત્ર જીવન જીવવા માટેની તાલીમ આપી રહે છે. બાળકી સરોજના સહજ, સરલ, નિર્દોષ શૈશવસ્વરૂપને ‘મા’ સર્વેશ્વરીએ પોતાનામાં આજેય અકબંધ રાખ્યું છે. શિશુસહજ પ્રસન્નતા અને પારદર્શકતા એમના નિરાવરણ સંતત્વની પહેચાન બની રહે છે.

સરોજના શિક્ષણના શ્રીગણેશ કર્પૂરવનમાં જ મંડાયા. ગામમાં ત્રણ ધોરણ સુધીની જ શાળા હોવાથી ચોથા ધોરણથી સરોજને બે બહેનો સાથે વ્યારામાં રહેવાનું આવ્યું. આઠમા ધોરણમાં આશ્રમશાળાના કડક શિસ્ત અને આકરી જીવનશૈલીનો અનુભવ લેવા એને નડિયાદના વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં પિતાજીએ મૂકી. નવમું ધોરણ સુરતની જીવનભારતીમાં પસાર કરી, દસમું અને અગિયારમું ફરી વ્યારામાં ભણી; સુરતની એસ.એન.ડી.ટી. કૉલેજમાં બી.એ.માં ગુજરાતી વિષયમાં સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ આવી ઉમાશંકર જોશી પારિતોષિક તેમજ સુવર્ણચંદ્રક પ્રાપ્ત કર્યાં. ત્યાર બાદ એક વર્ષમાં બી.એડ્.ની પણ ઉપાધિ મેળવી.

ઈ.સ. ૧૯૭૦માં સુરતના સાધના વિદ્યાલયમાં શિક્ષિકા



તરીકે જોડાઇ ‘મા’ પોતાની અનન્ય કાર્યદક્ષતા તેમજ અપૂર્વ નિષ્ઠાથી આચાર્યા તરીકે નિયુક્ત થયાં. તેમની સમગ્રતાથી કાર્ય કરવાની શૈલીથી તેઓશ્રીને શાળાની બંને પાળીઓમાં આચાર્યા તરીકેની જવાબદારી સંચાલકોએ સોંપી.

શાળાની બેવડી કામગીરી દરમિયાન તેમની આધ્યાત્મિક તપશ્ચર્યા અખંડ રહી. નિત્ય ૨૫૦ માળા પછી જ પાણી પીવાનું, મહિનાઓ ફક્ત પાશેર દૂધ પર રહેવાનું તેમનું વ્રત નિયમિત રહ્યું. વેકેશનમાં પૂ.શ્રી મોટાના મૌનમંદિરમાં અચૂક જતાં. શાળામાં ભક્તિભાવાતિરેક અનુભવતાં ‘મા’ પદો સર્જવામાં ક્યારેક રમમાણ થઇ જતાં. તેથી તેમણે બહુ પ્રામાણિકતાથી પોતાની સંસ્થાના સંચાલકોને બેથી ત્રણ વાર પોતાનું રાજીનામું સ્વીકારવા વિનંતી કરી પણ સંચાલકો એક જ વાત કરી નકારતા, ‘તમારું સંસ્થામાં હોવું એ અમારું સદ્ભાગ્ય છે.’

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઇલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

છન્નુમાં વરસના પ્રભાતે

# મારા પૂ. દાદાને

કુ. સુકૃતિ અજય જાની

પ્રભુના છે એ બાળપણના મિત્ર,
પ્રેરકદાયી જીવનનું છે એ સુંદર ચિત્ર.
તેજસ્વી મુખ છે જેમનું ને વાક્છટા છે ન્યારી,
એ છે મારા દાદા શ્રી નારાયણદાસ જાની.
ગુજરાતીમાં બી.એ.ની ડીગ્રી મેળવનાર,
માહિતીખાતાના હતા એ આસિસ્ટંટ ડાયરેક્ટર.
નર્મદાબા ને હરજીવનદાદાના એ છે સાચા સપૂત,
પત્ની જેમની સરસ્વતી જેની દેવી સમી છે મૂરત.
જ્યોત્સ્ના, રાજેન્દ્ર, પિનાકીન, બિંદુ ને અજય,
નારાયણના આ છે પાંચ સુવાસિત પુષ્પ.
ધ્યાન અને સાધનાના પૂરેપૂરા આગ્રહી,
સત્ય ને નિષ્ઠાને વરેલા એવા સત્યાગ્રહી.
મા—પ્રભુ જેમના સર્વસ્વ એવા એ પરમભક્ત,
તન અને મનથી સુંદર એવા એ તંદુરસ્ત.
'અધ્યાત્મ'ના તંત્રી છે ને પ્રભુના વિશ્વાસપાત્ર,
સ્વર્ગારોહણના પુખ્ત વડીલ ને માના પ્રિયપાત્ર.
યુવાનોને શરમાવે એવી છે એમની ચાલ,
એટલે જ તો એમણે નવડે પાંચડે કાઢ્યાં પંચાણું સાલ.
કંટાળો ને થાક જડે ના, ઉત્સાહથી છે ભરપૂર,
દીનદુખિયાંની મદદ કરવા રહેતા સદાયે તત્પર.
પ્રાર્થના કરું છું પ્રભુને કે પૂરા કરો એકસો આઠ,
છૂટે ન કોઈ'દિ જોડાયેલી આ પ્રભુ સાથેની ગાંઠ.



# એક અનોખી યાત્રા

—મા સર્વેશ્વરી

**તા. ૨૨—૧૧—૨૦૧૪**

માના જીવનની પ્રત્યેક યોજના પરમસખાના ઉપરના લોકમાંથી આવી રહી છે, એવું માને લાગે છે.

એટલે એવી દરેક યોજના, દરેક આયોજન શિરોમાન્ય કરીને આનંદથી પ્રસન્નતાથી વધાવી લેવાય છે. એનો અર્થ એ છે કે એ યોજના આપણા માટે જ આપણા મંગલ માટે જ શ્રેષ્ઠ છે. તો જ મનના એકપણ ખૂણે એનો વિરોધ સપને પણ નથી ઉઠતો.

પરમ સખાની યોજનામાં આ મા તો માત્ર માધ્યમ, નિમિત્ત તો જ આ બધું સહજતાથી વધાવતાં રહેવાય છે.

દિવાળીના પર્વમાં શ્રી નારાયણભાઇ ૯૫ વરસે પણ સ્વર્ગારોહણ આવી શક્યા અને વિદાય લેતી વખતે કહે "હે મા હવે ૧૩ નવે. આવીશ. પણ ૨૨ નવે. મારો જન્મદિન છે, ત્યારે આવવાનો નથી."

બસ આ વાક્ય સાંભળીને માની સ્લેટમાં પરમસખા લખે છે. તમે ના આવો તો અમે આવીએ. "તમે સ્વર્ગારોહણ ના આવો, પણ બ્રહ્મપુરી તો આવી જ શકો ને!" તો અમે ત્યાં આવીએ અને માના સ્લેટના પરમસખાના શબ્દોને ભાઈ પિનાકીન, અજય, ઉર્વશી, પ્રતિમા, પ્રગતિ બધાએ તરત જ વધાવી લીધા. એ બધા ત્યાં જ હાજર હતાં.

પરમ સખાના એ શબ્દોમાં જાણે કોઇ દૈવી શક્તિ કે દૈવી પ્રકાશ, જાની પરિવારના આ બાળકોને સ્પર્શ કરી ગયો અને તરત જ સૌ સર્વ દિશાથી પ્રસન્નતાનો પ્રતિસાદ ધરવા લાગ્યા.

રાજીવ, રાજુભાઇ, સતીશભાઇએ પણ એ વાત ખૂબ પ્રેમથી

વધાવીને પોતાને આંગણે આ તો મંગલ પર્વ આવી રહ્યું છે, એમ કહી વિવિધ યોજનાઓ ઘડવામાં રોકાઇ ગયા.

સૌને તેડીશું, સૌને જમાડીશું, સૌને રાત રાખીશું, અરે સૌને શામળાજીની યાત્રા કરાવીશું અરે, સૌને કાકાના હાથે કંઇક ઉપયોગી જ્ઞાન પ્રસાદ અપાવીશું અરે બ્રહ્મપુરીની શાળાના વિદ્યાર્થીઓને પણ કંઇક આપીશું.

**તમે ના આવો તો અમે આવીશું**

બસ પરમ સખાના આ વાક્યની સામે આખો જાની પરિવાર ઉત્સાહ સાથે કાર્યરત થઇ ગયો.

શ્રી નારાયણભાઇ તો ઘણીવાર સ્વર્ગારોહણ આવ્યા ને ઘણીવાર એવું કહેતા આવ્યા કે હવે ના અવાશે, પણ ત્યારે ત્યારે કદી સ્લેટમાં એવું નથી લખાયુ કે **તમે ના આવો તો અમે આવીશું.**

આ વાક્ય આ વરસે જ આ વખતે જ પરમસખા લખાવે છે. એની પાછળ શાંતિથી વિચારવા જેવું છે. તમે ના આવો તો અમે આવીશું.

અમે એટલે સ્વર્ગારોહણના બધા જ સ્વજનો બ્રહ્મપુરી આવે, રાત રહે, ભોજન પામે એવી યોજના પરમસખાની જ હતી. જાની પરિવારની શ્રી લક્ષ્મીની એક એક પાઇ ઉપર તેની ગતિ લખાઇ હતી તે માત્ર પરમ સખા જ જાણતા હતા.

એટલે બ્રહ્મપુરીની ધરતી ઉપર કોને કોને ઉતારવા, કોને કોને અનાજનો કણ ધરવાનો, કોને કોને પ્રસાદ ધરવાનો એ બધું જ યોજનામાં હતું જ. આપણે જાણતા ન હતા. પરમ સખા બધું જ જાણતા હતા.



અને એટલે જ પરમસખા માને પણ બ્રહ્મપુરીમાં ઉતારે.

ભાઇ રાજીવ છેલ્લા ૧૨ વર્ષથી મા બ્રહ્મપુરી પધારે એવી પ્રતીક્ષા પેલી શબરીની જેમ ભક્તિ ભાવથી કર્યા કરતો હતો. ૧૨ વર્ષ પહેલાં આખું ઘરનું નવ સર્જન કરાવી મા ઉપરના માળે આવીને રહી શકે એવી બધી જ સુવિધા કરી રાખી હતી.

માત્ર એક જ આશા કે કોઇક દિવસ તો મારી ભાવના, મારી પ્રાર્થના પ્રભુ સાંભળશે જ.

આ ઘટના પાછળ ભાઇ રાજીવની પ્રતીક્ષાનો પણ પ્રેમભર્યો પ્રત્યુત્તર પરમ સખાએ ધરવાનો હતો એટલે માને બ્રહ્મપુરી ઉતારવાં જ પડે ને!

અને સાચે જ આજે ૨૨–૧૧–૨૦૧૪ના દિવસે બ્રહ્મપુરી માટે સ્વર્ગારોહણથી પ્રસ્થાન થયું.

તા. ૧૩ નવે. વડોદરાથી તારક અમીન આવ્યો હતો. જતાં જતાં કહી ગયો ''મા ૨૨મી માટે ગાડીની સેવા મને મળે એવી ઇચ્છા છે તો ક્યારે આવું?''

''હજી તો વાર છે. મા તા.૨૦મીએ જણાવશે.''

એવું જણાવી માતો પેલા સ્લેટના મૌન પ્રયોગમાં શાંત થઇ ગયાં.

તારકને ના જણાવ્યું કે ના કોઇ જોડે ચર્ચા થઇ કે બ્રહ્મપુરી કેવી રીતે જવાનું?

પણ માની બધી જ ચિંતા પરમ સખાને હતી જ. એટલે મા ભલે સ્લેટ મૌનમાં શાંત થઇ ગયાં.

પણ તા. ૨૧ મી ગઇકાલે જ શ્રી રાજુભાઇ અચાનક બ્રહ્મપુરીથી સ્વર્ગારોહણ આવ્યા. માને મળ્યા અને સામેથી

આખો કાર્યક્રમ જણાવ્યો. "ને કહ્યું આજે રાતે બે ગાડી મા આપને માટે આવી જશે."

માએ ઈશારા કહી કહ્યું "બે ગાડીની જરૂર નથી. એક જ ગાડી પૂરતી છે."

અને રાતે ભાઇ પિનાકિન તથા જાગ્રત ગાડી લઇને આવી પણ ગયા.

આજે માર્ગમાં પણ સ્લેટનું મૌન સુરક્ષિત રહ્યું. પ્રાર્થનાનો નિયમ પૂર્ણ થઇ ગયો.

બ્રહ્મપુરી આવી ગયું. પાદરે મહાદેવજી બિરાજે છે ત્યાં જાની પરિવાર અને આખુંયે ભક્તવૃંદ જાણે કોઇ મોટો ઉત્સવ, લગ્નનો માહોલ હોય તેમ ઢોલ નગારા, બેન્ડવાજા સાથે સંકીર્તનની મસ્તીમાં મસ્ત જોવા મળ્યા.

સૌ સાચા ભૂદેવ બનીને ધોતી–પિતામ્બરી, કફનીમાં સજ્જ હતા. જાની પરિવારમાં લગ્નોત્સવ હોય તેમ બધી જ નાની મોટી બહેનો કિંમતી સાડી ને સર્વ સૌભાગ્યના અલંકાર સાથે સજ્જ થઇને મસ્ત બનીને સંકીર્તનમાં લીન જોવા મળી. ઝંકૃત, દૃષ્ટા, ધ્યેય, રૂદ્ર, જેવા નાના નાના બાળકોપણ ધોતી કફનીમાં સજ્જ હતા.

બ્રાહ્મણ સમાજનું જાણે આજે સાચું પ્રતિબિંબ માણવા મળ્યું.

શ્રી નારાયણભાઇ પણ જાણે કોઇ વિશેષ પુરુષ, દેવ પુરુષ, રાજ પુરુષ હોય તેમ સંપૂર્ણ રીતે સજ્જ થઇને સૌની વચ્ચે શોભતા હતા.

શ્રી યોગેશ્વર સ્તુતિ બાવનીથી એ શોભાયાત્રા આગળ વધી.

શ્રી રાજીવભાઇના આંગણે, અરે, શ્રી હરિશ્ચંદ્ર–આનંદીબેનના આંગણે મા ઉતર્યા છે.



ઘરમાં દાદર સુધી ચાદરોની પગદંડી બનાવી છે. એવું લાગે છે અમારા માના કોમળ ચરણને અહીં અમે વધાવી લઇએ. અરે, પ્રભુ બ્રહ્મપુરી ઘણા ઘણા વરસો પછી પધારી રહ્યાં છે. તો તેમનું સ્વાગત આ રીતે જ હોય ને!

જાની પરિવારની એવી ભદ્ર ભાવના સાથે આ ઘરની ત્રણે દીકરીઓ હાથ જોડતા ઉભી છે.

માળ ઉપર ઘણો મોટો હોલ, મંદિર અને ઓરડો જેમાં ૧ નાનકડો હિંચકો અને એ હિંચકા ઉપર પૂ.શ્રી ગુરુદેવ પ્રભુની બેઠક અને ૧ પલંગ.

જાણે હરિ ૐ આશ્રમના મૌન મંદિરનું સ્મરણ કરાવે તેવું સ્થાન.

પ્રાર્થના ક્યાં કદી નકામી જાય? ભાઇ રાજીવની ભાવનાને પ્રભુએ માના પરમ સખાએ સુરક્ષિત કરી દીધી.

૧૫, ૨૦ મિનિટના વિરામ પછી આજના પર્વનો કાર્યક્રમ પ્રારંભ પામશે.

શ્રી રાજુભાઇ નિયમ મુજબ ઉપર આવી સમય થતાં જ હાથ જોડી ઉભા રહ્યા.

મા એ સુશોભિત વિશાળ મંડપમાં પધારે છે ત્યારે ફરીથી સર્વ સંગીતના વાજીંત્રો જીવંત બનીને આજના પર્વની મંગલ ક્ષણોને વધાવી રહ્યાં છે. જાણે સ્વર્ગલોકમાં સુરગણ સંગીત રેલાવી રહ્યો છે.

અહીં પણ સરસ રેશમી ગાલીચાની પગદંડી હતી.

જાની પરિવારના પુષ્પપાંદડી વેરતા સભ્યો હાથ જોડી ઉભા છે. મા પાંદડીવેરતા અટકાવે છે. સૌનો પ્રેમભાવ સ્વીકારતા મા મંચ ઉપર બેઠક લે છે.

શ્રી નારાયણભાઇ પૂજન કરે છે. આરતી કરે છે મા પણ મંચ ઉપર ઉભાં થઇને આરતીમાં ભાગ લે છે.

તે પછી મંડપના સૌ ભક્તો વારાફરતી શ્રી નારાયણભાઇને ફૂલ આપી વધાવી રહ્યાં છે.

શ્રી કલ્યાણ, શ્રી જ્યોત્સ્નાબેન બ્રહ્મપુરીની શાળાના આચાર્ય તથા બેન સુકૃતિએ શ્રી નારાયણભાઇની વિશેષતાની વાતો કરી છે.

શ્રી કલ્યાણે ગૃહસ્થી સંત તરીકે, આચાર્યે બ્રહ્મપુરીના વડીલ તરીકે, શ્રી જ્યોત્સ્નાબેને શ્રેષ્ઠ પિતા તરીકે પ્રાર્થના કરતાં માંગી લીધું જન્મોજન્મ આ જ માતાપિતા મળજો. તો બેન સુકૃતિએ તો પોતાના દાદાજી ઉપર સરસ નાનકડી કવિતા લખીને વધાવ્યા.

શ્રી નારાયણભાઇએ સૌના પ્રેમનો પ્રત્યુત્તર વાળતા સ્વાનુભૂતિની અનેક ઘટના વર્ણવી.

પોતાના ધર્મપત્ની શ્રી સરસ્વતીબેનનો અમૂલ્ય ફાળો કેવો હતો તેની વાત કરતાં કહ્યું. બેન જ્યોત્સ્નાને હાઇસ્કૂલ પૂર્ણ કરી કોલેજમાં મૂકવાની હતી. આર્થિક સ્થિતિ સાધારણ એટલે પિતાશ્રી હરજીવનદાસને વાત કરી. તો તેમણે કહ્યું આટલું ભણતર તો ઘણું થયું. લગ્ન કરીને જ્યાં જશે ત્યાં પણ રોટલા ટીપવાના છે ને તો આગળ ભણાવવાની જરૂર નથી. બેન જ્યોત્સ્નાએ દાદાજીની વાત સાંભળી એક જ વાક્ય કહ્યું.

હું કોઇ અભણ પિતાને ત્યાં જન્મી હોત કે તમારી જેવા ભણેલા પિતાને ત્યાં, પણ શું ફેર?

અને સંતાનના આ વાક્યની સામે સરસ્વતીબેને કહ્યું મારો સોનાનો ચેઇન વેચી દઇએ ને ફી ભરીને દીકરીને ભણાવીએ.



સાચે જ સોનાનો ભાવ તોલાનો ૧૩૫ રૂ. ચેઇન વેચી ફી ભરીને દીકરી ભણવા ગઇ.

એવો જ મારા જીવનનો એક પ્રસંગ છે. મુંબઇમાં તે દિવસોમાં બોમ્બ ફાટશે એવો ભય પરિણામે બધા મુંબઇ છોડવા લાગ્યા. ટ્યુશનની ફી ઉપર મારો અભ્યાસ આગળ ચાલતો. ટ્યુશનના વિદ્યાર્થીઓ પણ બધા જ જતા રહ્યા.

હવે પિતાજી પાસે પણ કેવી રીતે હાથ લાંબો કરું?

મુંઝવણના એ દિવસોમાં એક મિત્રે ૨૦ રૂ. આપ્યા. અને કોઇકે કહ્યું કોટન એક્ષચેઇન્જ વાળા શેઠ વિદ્યાર્થીઓને મદદ કરે છે. જાવ ત્યાં.

અને તે શેઠ કેવા? ના નામ પૂછ્યું, ના ગામ પૂછ્યું કેવી રીતે ભણતા હતા આજ સુધી? એટલું પૂછીને તરત જ ૯૦ રૂ. આપી દીધા.

૧૧૦/–રૂ. ફી ભરાઇ ગઇ ને આગળ અભ્યાસ કરી શક્યો. બીજી એક ઘટના પણ ના ભૂલાય તેવી છે.

માહિતી અધિકારી તરીકે ગાડી, ફોન, નોકરો બધું જ હતું પણ પગાર સાવ ટૂંકો ૫ બાળકો સાથે બધું પૂરું થઇ જતું.

એટલે શિયાળાના દિવસો છતાં કાણાવાળા સ્વેટરથી ચલાવી લેતો. શિષ્ટાચાર પ્રમાણે ઉપર કોટ પહેરવો પડતો એટલે પેલું સ્વેટર ઢંકાઇ જતું.

તે દિવસોમાં જ્યોત્સ્નાબેન માટે ૨૫ રૂ. નું સ્વેટર લાવેલો.

એ દીકરી રોજ કહે કાકા આ કાણા પડેલું સ્વેટર તમે પહેરો તે મને ગમતું નથી. હું ઉપર કોટ પહેરીને બતાવતો કે ક્યાં તે સ્વેટર દેખાય છે?

એ દિવસોમાં એક વિદેશી મહિલા સૌરાષ્ટ્રના પ્રવાસે આવી. નિયમ પ્રમાણે મારે તેને પાલીતાણા ફરવા લઈ જવાનું બન્યું.

ત્યારે એક દિવસ ખૂબ તાપ લાગવાથી મારે કોટનાં બટન કાઢવાં પડ્યાં.

પેલા વિદેશી મહિલા મીસીસ કલેરા તો મારી સાથે જ હતા.

તેને ફેરવવાનું કાર્ય પૂર્ણ કરીને તેને વિદાય કર્યાં.

તે પછી થોડા જ દિવસોમાં તે બેને વિદેશથી એક પારસલ મારા સરનામે મોકલ્યું.

તો તેમાં એક સરસ સ્વેટર હતું. જે આજે તે મારી પાસે છે તેના પ્રેમભાવનાના પ્રતીક રૂપે તેને સાચવી રાખ્યું છે.

આ રીતે બીજી પણ એક સ્મરણીય વાત છે. પૂ.શ્રી અમારે ત્યાં પધારશે એવા સમાચાર સાંભળવા મળ્યા. મેં મારા ધર્મપત્નીને પૂછ્યું કે પૂ. શ્રી આવશે તો ખરેખર કેટલો ખર્ચ આશરે વધશે? તો અમે બન્નેએ બેસીને ગણત્રી કરી તો પગાર ઉપરાન્ત જો ૨૫૦ રૂ. હોય તો સરસ રીતે ચાલી જશે.

પણ ૨૫૦ રૂ. લાવવા ક્યાંથી?

તે દિવસોમાં માહિતી અધિકારી તરીકે સરકારી નોકરી હતી.

મીસ બુન નામના એક વિદેશી મહિલા મુંબઈના અમેરીકન કાઉન્સીલેટના કલ્ચરલ ઓફિસર સૌરાષ્ટ્ર ગુજરાતના પ્રવાસે આવ્યા. નિયમ પ્રમાણે ૩, ૪ દિવસ તેમની સાથે ફર્યા. કેશોદના એરપોર્ટ ઉપરથી વિદાય કર્યાં.

પ્લેનની સીડી ચડતાં ચડતાં તેણે બે કવર આપ્યાં. એક ઓફિસના હેડને આભાર પત્ર ને બીજા કવર ઉપર મારું નામ આભારપત્ર ઉપર હતું.



બે દિવસ પછી ગંદા કોટને ધોવા કાઢ્યો તો પેલાં બે કવર મારા પત્નીના હાથમાં આવ્યાં.

મારા નામનું કવર ખોલ્યું તો તેમાં રૂ. ૨૫૦ ની ભેટ પણ આભાર પત્ર સાથે હતી.

આવા અનેક કૃપાના પ્રસંગો છે.

આ માએ અનેકવાર પડખે રહીને મને પ્રેમથી સંભાળીને જીવન જીવવા જેવું બનાવ્યું છે. માનો ઘણો મોટો ફાળો છે. મારી જીવંત ક્રિયા કરાવી મારી માંદગીમાં આવ્યા. મારા ધર્મપત્નીની વિદાય સમયે મને સંભાળ્યો, મારા જીવનમાં મા અને મારા પરિવારનો પ્રેમ જ મારા જીવનનું ચાલક બળ છે.

શ્રી નારાયણભાઈએ આજે બધી જ વાતો ખૂબ સ્વસ્થ તન ને મન સાથે કરી.

શ્રી નારાયણભાઈ એટલે જાણે એક જીવતો હરતો ફરતો અનુભવનો ગ્રંથ. એમની અનુભવની વાણીમાંથી સૌને પ્રકાશ મળે. સૌની શ્રદ્ધા દૃઢ બને. સૌને શ્રવણ કરવાનું ગમે.

વાણીનું વરદાન જાણે શ્રી નારાયણભાઈની વિશેષતા છે અને તે વિશેષતા એમના સ્મૃતિ ભંડારમાંથી સુરક્ષિત રીતે ૯૫ વરસે પણ વહી રહી છે. એ વાત નોંધપાત્ર છે.

પ્રભુએ પસંદ કરેલા પાત્રો પાર્ષદો પાસે જ આવી વિશેષતા હોય ને? એમાં અચરજ નથી.

તંત્રીપદ ૯૫ વરસે પણ સરસ રીતે સંભાળવું એ પણ એક દૈવી વરદાન જ છે.

કૃપાપાત્ર ભક્ત પુરુષની સર્વ વિશેષતાને વંદન હો, વંદન હો, વંદન હો.

આજે શ્રી નારાયણભાઈ તરફથી મંડપમાં હાજર રહેલા સૌને એક ધર્મમય પ્રસાદ જેમાં ગીતા, શિવમહિમ્ન સ્રોત્ર, પ્રેરક પ્રાર્થના, વિષ્ણુસહસ્રનામ અને પ્રાર્થના માટેનું આસન પ્રસાદમાં મળે છે.

તે પછી પાદરે બિરાજેલા શ્રી મહાદેવજીના મંદિરમાં લઘુરુદ્ર થયો છે. બધા જ સ્વજનોએ ત્યાં સમૂહમાં શિવમહિમ્ન સ્તોત્રનો પાઠ કર્યો છે.

સૌને મિષ્ટ ભોજનનો મહાપ્રસાદ મળ્યો છે. માને તો નિર્જળાવ્રત છે. એટલે વિશ્રામ સ્થળે આવી વિશ્રામ જ કરે છે.

આજની પ્રાર્થના અને માળા પૂર્ણ થઈ છે.

અરે, આજની આ નોંધ પણ રાતે ૧૦ વાગે પૂર્ણ થઈ રહી છે.

બહાર મંડપમાં કાર્યક્રમ તો ચાલી રહ્યો છે. માની હાજરી ત્યાં જરૂરી લાગતી નથી.

આજે પણ સ્લેટનું મૌન સુરક્ષિત રહ્યું.

શ્રી નારાયણભાઈના જન્મદિને માએ તો ખાસ કંઈ તૈયારી કરી ન હતી. જાતે જ હાજર થઈ ગયાં. તે જ તૈયારી ગણાય.

પણ પરમસખાને એની પણ ચિંતા થઈ હશે એટલે એ તો તૈયારી કરાવીને જ આવ્યા હતા.

વાત એવી છે કે તારક અને અશ્વિન વડોદરાથી આવ્યા.

મા આ એક ફ્રેમ છે.

આપના હાથે આ કાકાને આપી શકાય? આપને યોગ્ય લાગે તો જોઈલો.

અરે ૧૯૯૨માં એક પત્રમાં માએ જ શ્રી નારાયણભાઈની પ્રશસ્તિ કરી છે તે જ અક્ષરો ફ્રેમમાં મઢ્યા—સરસ છે.



તે પછી બેન દર્શના આવે છે. મા સુરતથી પ્રિયંકા કાકા માટે શાલ લાવી છે. આપના હાથે જ એ અર્પણ કરો એવું ઈચ્છે છે— સરસ.

આ ઘટનામાં મા માટે કોણે તૈયારી કરાવી? એટલે સત્સંગના સૂત્રધારે જ્યારે જાહેરાત કરી કે હવે મા પોતાના આશીર્વચનો આપશે. માએ ફ્રેમ ને શાલ અર્પણ કરી દીધા.

સ્લેટનું મૌન સહજ રીતે સુરક્ષિત રહ્યું.

પરમ સખાની આવી અનેક યોજના માના મંગલ માટે જ માના કલ્યાણ માટે જ હોય છે એવો દઢ વિશ્વાસ દિવસે દિવસે વધતો જાય છે.

**હે સખે!**
**તારા શું કરવા ગુણગાન,**
**તું છે રામ તું ઘનશ્યામ.**

હે પરમ સખે, પ્રણામ, પ્રણામ, પ્રણામ. અનંત ઉપકારો અને અનંત ઉપહારો સામે, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

## તા. ૨૩—૧૧—૨૦૧૪

## બ્રહ્મપુરીથી શામળાજી થઈ ભવનાથથી સ્વર્ગારોહણ

આજે યાત્રાદિન બ્રહ્મપુરીમાં સૌ પ્રભાતે પણ પ્રસાદ પામ્યાં. અને યાત્રા પ્રારંભ પામશે.

મા પણ સૌની સાથે જ છે. માનું વિશ્રામ સ્થાન શ્રી હરિશ્ચંદ્ર આનંદીબેનને આંગણે હતું.

આજે જ્યારે એ આંગણું છોડે છે ત્યારે મા સામે ચાલીને શ્રી નારાયણભાઇ તથા શ્રી મગનભાઇના ઘરે પણ ગયા છે.

અરે, ત્યાં બેઠક તૈયાર જ હતી. માનસિક પ્રતિક્ષાનો પ્રેમભર્યો એ પ્રત્યુત્તર પરમસખાએ ધરી દીધો.

બન્ને ઘરે વરદ્ હસ્ત ગાઇને જાણે એ ઘરના ખૂણે ખૂણે પ્રાર્થનાના પવિત્ર કણનો પ્રસાદ વેરતાં વેરતાં પરમસખાની ઈચ્છા પ્રમાણે પગલાં ભરી રહ્યાં છે. નાનકડો ધ્યેય ગઇકાલે કહેતો હતો મા મારા ઘરે આવોને અને એ બાળદેવતાની ઈચ્છા પૂરી કરવા મા બેન હીરલ–તેજસના ઘરે પણ પહોંચ્યાં છે.

ત્યાં ધ્યેય અને નિષ્ઠા પાસે શ્લોકોનું મધુર મંગલગાન કરાવી અહીં પણ એ જ શુભ મંગલ પરમાણુઓનો પ્રસાદ વહેંચાવીને ફરી મા ગાડીમાં જગ્યા લઇ લે છે.

આજે શા માટે ત્રણ ઘરે પરમ સખા લઇ ગયા? કવરો લેવા? પ્રસાદ લેવા? એ સ્વજનોને પ્રસન્ન કરવા?

ના રે, ના. ત્રણમાંથી એક પણ કારણ નથી.

કવરો તો લેવાના નથી. પ્રસાદ પણ જરૂર નથી તો સ્વજનોને પ્રસન્ન કરવાની પણ જરૂર નથી.

પરમસખા જ્યાં ને જે રીતે પ્રસન્ન થાય તે રીતે જ આ મા ને તેઓ ચલાવતા રહે છે.

બ્રહ્મપુરીના ત્રણ મુખ્ય ઘરો, ત્રણે પરિવાર પૂ.શ્રીના પરમ ભક્ત, તો માની ફરજ યાદ કરાવીને પરમ સખા ત્યાં લઇ જાય તો જાની પરિવાર આનંદથી ઝૂમી ઉઠ્યો.

માને તો માત્ર બે મિનિટ કે ૫ મિનિટ પગલાં જ ભરવાનાં.

શ્રી નારાયણભાઇ, શ્રી મગનભાઇ, શ્રી હરિશ્ચંદ્રભાઇ એટલે કે રાજુભાઇ, સતીશભાઇ, રાજીવ. બ્રહ્મપુરીના આ ત્રણ ઘર પૂ.શ્રીનો જ એ ભક્ત પરિવાર છે. તો ત્યાં જવાનું જ હોય ને!



એમાં આમંત્રણ કે પધરામણી જેવા શબ્દો ના હોય. એ તો ફરજનો એક ભાગ છે.

જઇ આવ્યા અને મૌન યાત્રા પ્રારંભ પામી. દોઢ કલાકમાં તો શામળાજીના પવિત્ર તીર્થ ક્ષેત્રે આવી પણ ગયાં. મંદિરના પ્રવેશદ્વારે ગાડી ઉભી છે, મા ઉતરે છે.

મંદિરમાં પ્રવેશે છે. પ્રભુના મંદિરદ્વાર બંધ હતાં.

આપણા બધા જ સ્વજન–બેનો મંદિરના અંદરના ભાગમાં શાંતિથી બેઠાં હતાં.

મા પણ એ બેનોની મધ્યમાં જઇને અચાનક બેસી ગયાં.

બધી જ બેનોને અચરજ થઇ. બધાં જ જગ્યા કરીને માને જાણે સૌની વચ્ચે છતાં સૌથી અલગ કરી દીધાં.

મા તો આંખ મીચીને તીર્થક્ષેત્રે જે પ્રાર્થના કરવાની હતી, જે વિનંતી કે કાલાવાલા કરવાના હતા તે પ્રભુને-પરમ સખાને કરી લીધા. શાંતિ હતી તો પ્રાર્થના થઇ શકી.

તીર્થક્ષેત્રે જે દર્શનની ભિક્ષા માંગવાની હતી તે માંગી લીધી.

ત્યાં જ પ્રભુના મંદિર દ્વાર ઉઘડવાની હિલચાલ રૂપે ધૂન, શ્લોકો શરૂ થયા. વળી સૌને ઉભા થવાની પણ સૂચના મળી.

ઉભા થયા ને ધક્કા મુક્કીમાં આગળ વધીને દર્શન કરવાની જ પ્રવૃત્તિ હવે શરૂ થવાની હતી.

માને તો પ્રાર્થના શાંતિથી કરવાની હતી તે કરી લીધી. હવે ધક્કા મારીને દર્શન કરવાની ઈચ્છા ના થઇ. એટલે ઉભા થઇને મા તો સીધા જ જમણી બાજુ જે દ્વાર હતું ત્યાંથી બહાર નીકળી ગયાં.

પૂર્વ દક્ષિણાની યાત્રામાં બેલુરમઠા દર્શન પછી એક પદ પૂ.શ્રીએ લખેલું તે ગાતાં ગાતાં મંદિરની બહાર આવી ગયાં.

**પ્રભુજી તારા બહાર બેઠા,**
**પૂજા કોની કરે પૂજારી?**

પૂ.શ્રી સાથે અહીં ૧૯૮૦માં આવેલા તેનું પણ સ્મરણ થતું રહ્યું.

શ્રી સતીશભાઇએ કહ્યું પણ ખરું, મા મેં ઓફિસમાં વાત કરી રાખી હતી. આપને અંદર જઇને દર્શન કરાવી લેવાની યોજના હતી.

પણ માને એવા વિશેષ દર્શન અને આ ધક્કા મુક્કીમાં દર્શન બંન્નેની જરૂર ન હતી.

શાંતિથી મા બહાર આવ્યાં તો સાથે ૭, ૮ બેનો પણ આવી ગઇ.

ગાડીમાં મા—તો બેસી ગયાં. હવે શામળાજીના મંદિરેથી વિદ્યામંદિર તરફ ગાડી દોડવા માંડી.

ઈડર વિસ્તારના એક પ્રતિષ્ઠિત સમાજ સેવક, શિક્ષણપ્રેમી, દાનવીર શ્રી પ્રેમુભાઇની એક શિક્ષણ સંસ્થા અહીં પણ છે.

તેમની સંસ્થામાં જવાનું. ત્યાં સૌ યાત્રીઓ ભોજન લેશે, આ બધું યોજનામાં હતું જ એટલે એ વિશાળ વિદ્યામંદિરમાં પ્રવેશ તો પામ્યા.

જાણે કોઇ ગુરુકુળ કે ઋષિમુનિનો રમણીય આશ્રમ જેવું. એ વિદ્યામંદિર. પ્રવેશતાં જ જાણે પ્રકૃતિની ગોદમાં આવી ગયાં એવી હાશ થાય.

છાત્રાલયની ૨૦૦ વિદ્યાર્થીનીઓ માર્ગમાં ઉભી હતી. તેઓ



પોતાના હાથ ઉંચા કરીને આવકારી રહી હતી. મૌન સ્વાગત, મૌન આવકારની આ એક નવી પરંપરા જોવા મળી.

શ્રી પ્રેમુભાઇ વારેવારે એક જ વાક્ય ભાવવિભોર બની કહી રહ્યા હતા : મા આપના પગલે આ ધરતી પાવન થઇ. અમે ધન્ય થઇ ગયા.

હોલમાં બેઠક તૈયાર જ હતી. વિદ્યાર્થીનીઓએ પોતાના મધુર કંઠે શ્લોક તથા બે પ્રાર્થના ગીત સંભળાવ્યા.

તે પછી શ્રી નારાયણભાઇએ શ્રી પ્રેમુભાઇની સેવા પ્રવૃત્તિને વધાવી. શ્રી જ્યોત્સ્નાબેને પણ એ સેવકની વિશેષતાની વાતો કરી.

આજે વિદ્યાર્થીઓને માના પરિચયની પુસ્તિકા તથા સ્વર્ગારોહણની ચીકીનો પ્રસાદ આપ્યો.

સૌએ ભોજન લીધું. શ્રી સતીશભાઇ જાનીએ વિશેષ રસ લઇને મિષ્ટાન સાથેનું ભોજન વિદ્યાર્થીઓને પણ ને સ્વજન ભક્તોને પણ ધર્યું છે.

શામળાજી વિસ્તારના એક સમાજ સેવક શ્રી નરસિંહભાઇ ભાવસાર શિક્ષણપ્રેમી આદિવાસી વિસ્તારમાં સેવા કરવાની ધૂન. મુંબઇ ગયા શ્રી પ્રેમુભાઇ જેવા પ્રતિષ્ઠિત દાનવીરને મળ્યા.

સામાન્ય વાતો થઇ. શિક્ષણ સંસ્થા કરવી છે કોની? કન્યાઓના શિક્ષણની? હા.

તો જમીન લેવી પડે, પણ વીઘાના ૨ હજાર રૂ. છે. શ્રી નરસિંહભાઇની આ મુંઝવણના પ્રત્યુત્તરમાં શ્રી પ્રેમુભાઇએ પોતાના ખિસ્સામાં હાથ નાખ્યો ને ૧૦,૦૦૦ રૂ. નું બંડલ હતું જે તે જ આપી દીધું. લો જમીન તો લો પછી આગળ વાત.

અને એક બે માસમાં તો જમીન લેવાઈ ગઈ. માત્ર નવ દીકરીઓથી આ સંસ્થા શરૂ કરી ૧૯૮૦ માં. આજે ૩૬ વરસે ૪૦૦ દીકરીઓ ભણે છે. સહાય હરિ ૐ આશ્રમની લગભગ આજ સુધીમાં ૭૦ લાખ રૂ.ની મળી છે. પૂ.મોટાની કૃપા આ સંસ્થા ઉપર ઉતરી છે.

આ સંસ્થાને સામેથી જ સહાય મળતી રહી છે. એ કૃપા વિના—સંતકૃપા વિના શક્ય નથી.

શ્રી પ્રેમુભાઈએ મા સાથે સંસ્થાની વાતો આ રીતે કરી પણ એ પોતે પણ શ્રી જેસંગ બાપજી જેવા આત્મદર્શી સંત પુરુષના સમાગમથી જ આ સેવાના ક્ષેત્રે વળ્યા છે. એટલે સંતપ્રેમી પ્રેમુભાઈ, સમાજ સેવક પ્રેમુભાઈને સામેથી જ સહાય મળે એ સ્વાભાવિક છે.

શ્રી પ્રેમુભાઈને મસ્તકે જાણે સંતકૃપાનું છત્ર અખંડ છે. તો જ ધર્મપત્ની શ્રી આનંદીબેન પણ પૂર્ણપણે અનુકૂળ થઈને આવડી મોટી શિક્ષણ સંસ્થા—આવડું મોટું જીવતું જાગતું, હાલતું ચાલતું, દોડતું રમતું વિદ્યામંદિર સર્જી શકે.

સમાજમાં શ્રી નરસિંહભાઈ ભાવસાર કે શ્રીપ્રેમુભાઈ જેવા કેટકેટલા મૂક સેવકો આ ધરતીને સેવાથી સુગંધિત કરવા મથી રહ્યા છે. એવા સેવકોના પુનિત પગલે જ આ ધરતી આ દેશ જાણે સુરક્ષિત રીતે ટકી શક્યો છે.

સેવકોના યોગ બળ પણ એક મોટો આધાર છે. એ બંને સેવકોની સેવાના સ્મરણ સાથે એ સંસ્થામાંથી વિદાય લઈને વળી એક કલાક યાત્રા આગળ વધી.

ભવનાથ મહાદેવના પવિત્ર તીર્થક્ષેત્રે ગાડી આવીને ઉભી રહી છે.



મંદિરમાં શાંતિ હતી. દર્શન કરી લીધાં. પ્રણામ કરી લીધા. પ્રાર્થના પણ કરી લીધી.

તે પછી બધા જ સ્વજનો આવી ગયા.

મંદિરના વિશાળ પ્રાંગણમાં એક ભક્ત પુરુષ મળી ગયા.

હાથ જોડી માને વંદી રહ્યા. હું તો વરસો સુધી અંબાજી પુષ્પાનંદજીના આશ્રમમાં સેવા આપતો હતો.

આપનું નામ ને સ્વર્ગારોહણના સેવાના કાર્યની વાતો ઘણી સાંભળી છે. આજે અહીં આ તીર્થભૂમિમાં આપનું દર્શન થયું. ખૂબ આનંદ થયો.

હું અહીં બે વરસથી સેવા આપું છું મારું વતન અહીં નજીક જ છે.

અને આટલી વાતો કરી સતત માની ગાડી સાથે સૌ ભક્તો સાથે જ ચાલવા લાગ્યા.

જાણે એમને આટલા બધા ભક્તોને આવકારતાં ખૂબ આનંદ થતો હતો.

અજાણ્યા એ ભક્ત પુરુષે પછી તો આ તીર્થક્ષેત્રના ઈતિહાસની થોડી વાતો કરી.

આ ભવનાથ તીર્થનો મહિમા બે ઋષિવરોની તપોભૂમિને લીધે છે.

ભૃગુઋષિ અને ચ્યવન ઋષિની આ તપોભૂમિનો ઉલ્લેખ ભાગવતમાં પણ છે. વળી અહીંની ભૃગુમાટીનો મહિમા કોઢ ને કરોળિયા જેવા રોગ મટાડે તેવો છે. હજારોની ટેક ફળી છે. ભૃગુ માટીનું શ્રદ્ધાથી સેવન કરવાથી રોગ નાશ પામે છે. અહીં યજ્ઞશાળા, ગૌશાળા, અતિથિગૃહ, ભોજનાલય બધી જ સુવિધા છે.

(ડેમ)

ચારે બાજુ બંધના પાણીને લીધે પ્રાકૃતિક સૌંદર્ય સરસ છે. ડેમ બંધાયો છે. ડેમમાં મંદિર પણ વિસર્જન થઈ જાત, પણ જન સમાજે ઉપવાસ ને સત્યાગ્રહ દ્વારા આ તીર્થનું રક્ષણ કરી લીધું. હિન્દુ પરિષદવાળાના પ્રયત્નોથી આ મંદિરનું અસ્તિત્વ સુરક્ષિત રહી શક્યું છે.

શ્રી નારાયણભાઇ પૂ.શ્રીને અહીં પણ લાવ્યા હતા. વળી શ્રી નારાયણભાઇનો સૌથી પહેલો ને મોટો પુત્ર ગૌરાંગ નામે હતો તે છેક નાનકડો હતો ત્યારે અહીં પરિવાર સાથે શ્રી નારાયણભાઇ દર્શને આવ્યા હતા તે દિવસે શ્રી નારાયણભાઇના વિદ્યાર્થીના હાથમાંથી તે પડી ગયો ને તરત જ તે બાળકનું શરીર અહીં જ શાંત થઇ ગયું હતું. એટલે અહીં આવતો ન હતો ઘણા વરસે છેક આજે જ અહીં આવ્યો. મા એ યાદ કરીને આ ભવનાથ મંદિર વિશે પૂછ્યું તો આજે મને એવું લાગે છે કે મા અહીં આવ્યાં છે તો તે બાળકની મુક્તિ માટે જ આવ્યાં છે.

શ્રી નારાયણભાઇએ ઉપર મુજબની વાતો કરી આ તીર્થક્ષેત્રે એમની મા ઉપરની શ્રદ્ધાનું દર્શન કરાવનારી છે એ બધી વાતો મા તો પ્રાર્થના જ કરી શકે છે. હે પરમ સખે! આપ સૌને શાંતિ આપો, સૌને મુક્ત કરો. કરુણ સ્મૃતિ આ તીર્થક્ષેત્ર સાથે સંકળાયેલી છે. છતાં શ્રી નારાયણભાઇ આજે તો સ્વસ્થતાથી તેની વિગતે વાતો કરી શક્યા જાણે ''સુખ દુઃખ દોનો સમ કરી જાનો,'' દુઃખદ ને સુખદ બન્ને સ્મૃતિથી ઉપર ઉઠેલા ભક્ત પુરુષ જેવી જાણે એ દશા છે.

ભવનાથના પેલા ભક્ત પુરુષને પુસ્તક, પ્રસાદ આપીને એ



સ્થળે નમઃ શિવાયની ધૂન કરાવીને યાત્રા હવે આગળ ચાલી.

સ્વર્ગારોહણ આવવા માટે હવે ગાડીમાં અજયભાઇ બેઠાં છે. ખૂબ ભાવિક ને પ્રેમાળ, શ્રદ્ધાળુ ને સમજુ છે. એટલે માર્ગમાં સરસ વાતો કરી છે.

માની શબ્દ યાત્રાને બે દિવસ પણ ભાવથી વંચાયા છે.

સુરક્ષિત બે કલાકમાં તો આવી ગયા.

પરમ પૂજ્ય ગુરુદેવ પ્રભુ માના પરમ સખા પરમાત્મા અહીં સૌની પ્રતીક્ષા કરતા યુગોથી ઉભા જ છે.

તેઓશ્રીના શ્રી ચરણે વંદન કરી ઉપર નિવાસમાં આવી ગયા.

શ્રી નાથાભાઇ તથા ભાઇ નીલેશ સહાયક થયા.

સતીશભાઇના પુત્ર હેમીશ અને ભાઇ અજય પ્રણામ કરી પ્રસાદ પામી વિદાય લે છે.

**તમે ના આવો તો અમે આવીએ**

આ શબ્દબ્રહ્મ આ યાત્રા સુરક્ષિત કરાવીને પાછા સ્વર્ગારોહણમાં સૌ સ્વજનોને પણ ઉતારે છે.

તા ૨૨ અને ૨૩નો આ પર્વનો ઉત્સવ સુરક્ષિત રીતે પ્રસન્નતાથી, પ્રેમ ને સંપના દર્શન સાથે પરિસમાપ્તિ ઉપર પહોંચ્યો.

હે સૌના શિરછત્ર! સંરક્ષક પરમસખે! પ્રણામ, પ્રણામ, પ્રણામ.

# બેનર વગરનું સત્કર્મ

મા સર્વેશ્વરી

સ્વર્ગારોહણ તિર્થમાં છેલ્લા બે વર્ષથી ૧૮ માર્ચ થી ૧૭ જૂન ત્રણ માસ દરમ્યાન સ્વર્ગારોહણની આસપાસ રહેતા સામાન્ય આવક ધરાવતા પરિવારો માટે વિનામૂલ્યે છાસ વિતરણનું સત્કર્મ ચાલે છે. અગાઉ આ સત્કર્મ બે ત્રણ પરીવારોના આર્થિક સહયોગથી આયોજીત થતું પરંતુ આ વર્ષે પૂ. શ્રી માએ આપેલી આજ્ઞા અનુસાર સ્વર્ગારોહણના સૌ ભક્ત સ્વજનોના સહયોગથી આ વર્ષે ‘છાસની હાસ’નું પર્વ ઉજવાશે.

જે ભક્તો–સ્વજનો તેમાં સહયોગ આપવા ઇચ્છતા હોય તેમણે પોતાના નામ ૫ ફેબ્રુઆરી સુધીમાં સ્વર્ગારોહણમાં શ્રી વિઠ્ઠલભાઇ ગોહિલને લખાવવા. આ સત્કર્મની વિગતો નીચે પ્રમાણે છે.

(૧) આ સત્કર્મ બેનર વગરનું હોઇ કોઇ નામની જાહેરાત થશે નહિ.

(૨) આ સત્કર્મ ટ્રસ્ટ કે સંસ્થા દ્વારા આયોજીત નથી જેથી તેની કોઇ પહોંચ–રસીદ મળશે નહીં.

(૩) આ સત્કર્મમાં સહયોગ ધરનાર વ્યક્તિએ તેના છાસ વિતરણના દિવસે ઉપસ્થિત રહેવું પડશે. જેથી તેના હાથે જ વિતરણ થાય.

(૪) દરેક ‘હૂંફના હકદાર’ પરિવારોને એક થી દોઢ લીટર છાસ વિના મૂલ્યે અપાશે. રોજ ૧૫૦ પરિવારોને છાસ અપાશે



જેના અંદાજીત ખર્ચ ૨૫૦૦ રૂા. થાય છે. આ રકમ ૨૮ ફેબ્રુઆરી સુધીમાં સ્વર્ગારોહણમાં જમા કરાવવાની રહેશે. કાર્યના અંતે બચેલી રકમ પક્ષીના ચણમાં આપી દેવાશે.

(૫) એક પરિવાર કે એક વ્યક્તિ ઓછામાં ઓછું ૧ દિવસ માટે અને વધુમાં વધુ ૧૦ દિવસ માટે સહયોગ આપવા નામ નોંધાવી શકશે.

(૬)સૌનો સહયોગ મળે અને સૌને સત્કર્મમાં સહભાગી બનવાનો લાભ મળે તે ઉદ્દેશથી પૂ. શ્રી માએ આ નવી યોજનાનું આયોજન કર્યું છે. ૯૦ દિવસની સહયોગ નોંધ વહેલો તે પહેલાના ધોરણે રહેશે.

★ ગરીબ હોય કે અમીર પરંતુ મા–બાપ એ મા–બાપ છે.

★ જે બીજા પર વિજય પામે તે હિંમતવાન છે પરંતુ પોતાના ઉપર વિજય પામે તે જ સાચો વીર છે.

★ પસીનો ટપકાવ્યા વગર પ્રાપ્ત થયેલો પૈસો સંસ્કારને ગળી જાય છે.

★ જીવન એક કેલેન્ડર જેવું છે. રોજ તેમાંથી એક પત્તું ફાટે છે.

# Dialogue with the Lord-During Meditation

–**Jayadayal Goyandka**

Sadhaka–Why do You appear after making the devotee feel intensely agitated over Your separation? Why do You make him pass through the agony of separation?

Lord–The agony of separation has a very high place. It intensifies divine love. And then the devotee cannot bear the separation even for a moment. Thus he attains Me forever. He never leaves Me after once realizing Me. Bharata had suffered the agony of separation for fourteen long years, but thereafter he never left Me.

Sadhaka–Whenever You required anything to be done, You entrusted either Laksmana or Satrughna to do it, and not Bharata. What was the secret of it?

Lord–Owing to excess of Love, Bharata could not bear separation from Me.

Sadhaka–Then, how had he borne it for fourteen years?



Lord–He had to bear it under my order, but this separation intensified his love so greatly that thereafter he had never to suffer separation from Me.

Sadhaka–While ordaining that long separation, what was the special good You intended for Bharata?

Lord–Through the experience of separation for fourteen years, he learnt the true secret of separation and union. Then, he began to feel even a moment's separation as long in duration as that of an age. Without that, how could he develop this intense attraction for Me?

Sadhaka–The pain of separation may develop despair as well in a Sadhaka.

Lord–I have already said that it is useless for Me to appear before such a Sadhaka.

Sadhaka–Then, what should such Sadhakas do to gain the privilege of Your sight?

Lord–He should try his utmost to increase love and faith in Me.

Sadhaka–Is it, then, wholly impossible to gain Your vision without faith and love?

Lord–Yes, it is wholly impossible. This is the rule.

Sadhaka–Can you not make a relaxation?

Lord–If I make a relaxation in favour of one, and refuse to do it with regard to another, I shall be guilty of partiality of conduct. Ralaxtion cannaot be made with regard to all.

Sadhaka–Is there any circumstance when this rule is not applied?

Lord–Yes, there is. This rule is not applied when a person departs from this world. At that time mere remembrance of Me, whether with or without faith and love, will lead to My realization.

Sadhaka–Why is this relaxation made with regard to the departing soul?

Lord–His life is then coming to its end. He is leaving the human body for an indefinite period of time. That is why at that moment the rule is specially relaxed with reference to him.

Sadhaka–It is quite in the fitness of things that this special relaxtion should be made with regard to the departing soul. But at the time of death control over the mind, intellect and senses is lost; therefore it may not be within the power of man to remember You at that critical moment.

Lord–For that purpose the habit of constant



remembrance of Me should be formed. He who cultivates this habit will certainly remember Me at the last moment.

Sadhaka–I have a desire that I may maintain constant remembrance of You, and I try also to maintain it, but the fickle and wayward mind does not allow me to do so. What should I do under this circumstance?

Lord–Withdraw the mind from wherever it goes. Argue with is as you would do with a loving friend, and try again and again to fix it on Me. Or, knowing Me to be present in every object meditate on Me in the very object which may tempt it.

Sadhaka–I heard this advice from others also, have read about it and understand its efficacy. But I forget it when the mind begins to wander. That is why I fail to maintain constant remembrace of You.

Lord–You are subject to this bad habit because of your worldly attachments. For removal of these attachments and rectification of the habit you should cultivate association with saints (Satsanga) and practise Japa of My name. ○

## પ.પૂ.રણછોડદાસજી મહારાજના
# પ્રેરક પ્રસંગો

—સંકલનઃ પરમાર્થી, મૂળ લેખિકાઃ દમયંતીબેન સેજપાલ

### બિહાર દુષ્કાળ રાહતકાર્ય

૧૯૬૭ રંકામાં ૧૮ માર્ચથી અન્નક્ષેત્ર શરૂ થયું. સાત હજાર ક્ષુધાર્થીઓની તૃપ્તિથી પહેલા દિવસની શરૂઆત થઈ. પરંતુ જેટલા ઉત્સાહપૂર્વક રંકામાં રાહત કાર્ય શરૂ કર્યું હતું, એટલી જ તીવ્રતાપૂર્વક બરાબર પાંચમે દિવસે એના પર વિષાદની છાયા ઊતરી આવી. રંકાની ઉજ્જડ ભૂમિ પર લાંબો સમય ટકી શકે એવો કેમ્પ તૈયાર કરવા પાછળ સારો એવો ખર્ચ થઇ ગયો હતો. ઉપરાંત બે દિવસ પહેલાં જ ચિનિયા અને શિક્ષિકામાં નવાં કેન્દ્રો ખોલ્યાં હોવાથી જમનારાની સંખ્યા પણ વધીને લગભગ વીસેક હજાર સુધી પહોંચી ગઇ હતી. પાણીની સમસ્યા તો ઊભી જ હતી. રસોઇ માટે ૧૫–૧૬ માઇલથી પાણી લાવતી ટ્રકો રાત–દિવસ એ જ કામમાં રોકાયેલી રહેતી. એની પાછળ પેટ્રોલનું ખર્ચ અનિવાર્ય હતું. ચીજવસ્તુઓની ખરીદીનાં નવાં નવાં બિલ રોજ આવ્યે જતાં હતાં.

તારીખ ૨૨ની રાત્રે પૂજ્યશ્રીએ આવકજાવકના આંકડા પર એક નજર નાખી. રોજનો હજારો રૂપિયાનો ખર્ચ અને ગણતરીના રૂપિયા. આખી વિકટ સમસ્યા એમણે એક ક્ષણમાં માપી લીધી. એમના મુખ પર થોડીક અસ્વસ્થતા છવાઇ ગઇ. કેમ્પ પૂરા સાત મહિના ચાલવાનો હતો ને આજે તો હજી પાંચમો



દિવસ હતો! 'હવે શું થશે?' એ એક વિચાર માત્ર સહુનાં દિલ અને દિમાગ પર પક્કડ જમાવી બેઠો.

'કોઇ કિસી ભી બાત કી ચિંતા નહીં કરના.' એકાએક સંપૂર્ણ સ્વસ્થ શાંત અવાજ રૂમમાં ગૂંજી ઊઠ્યોઃ 'ભગવાન સબ ઠીક કર દેંગે. આજ રાત કો મેરે કમરે મેં કોઇ આના નહીં. મૈં સુબહ સબસે મિલુંગા. સહુ અન્યમનસ્કપણે પોતપોતાના કામ પર ગયા.'

એ રાત્રે પૂજ્યશ્રીના રૂમમાંથી ઊઠતો માત્ર 'હે રામ'નો આર્તસ્વર કેમ્પના શાંત સૂમસામ વાતાવરણમાં સ્પંદનો જગાડતો રહ્યો.

એ પોકાર! સેંકડો માઇલની મુસાફરી કરીને એ સ્વર પલકવારમાં મુંબઇ જઇ પહોંચ્યો. અને ત્યાં એરકંડિશન્ડ રૂમમાં મખમલી તળાઇઓમાં આરામથી ઊંઘતા શ્રી અરવિંદભાઇ મફતલાલ ચમકીને બેઠા થઇ ગયા. કોઇક જાણે એમને કહી રહ્યું હતુંઃ 'ઊઠો, અરવિંદ! જાગો. માનવતા સાદ પાડીને તમને જગાડી રહી છે. બાબાજી પાસે બિહાર ચાલો. આરામથી ઊંઘવાની વેળા હવે વીતી ગઇ.'

સંપૂર્ણ આરામપ્રદ વાતાવરણ છતાં અરવિંદભાઇ રાતભર સૂઇ શક્યા નહીં. સવારે તેમના સેક્રેટરી શાંતિલાલભાઇ ડગલીએ પહેલું કામ તાર કરવાનું કર્યુંઃ 'શ્રીઅરવિંદભાઇ અહીંથી વિમાન દ્વારા રંકા આવે છે. કલકત્તા, રાંચી થઇને કાલે ત્યાં પહોંચશે.'

તારીખ ૨૪ના બપોરે અરવિંદભાઇ આવી પહોંચ્યા. સૌ પહેલાં કેમ્પનું નિરીક્ષણ કર્યું. ફરી ફરીને બધું જોયું. પૂજ્યશ્રીને

પ્રતાપે જંગલમાં મંગલ સર્જાયું હતું. કેમ્પની અદ્‌ભુત વ્યવસ્થા અને કાર્યક્ષમતા જોઇને એ ખૂબ પ્રભાવિત થયા. પૂજ્યશ્રીનાં દર્શન થતાં તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થયું!

એમણે ચાર હજાર ક્વિંટલ અનાજ તરતજ પહોંચાડવાની જવાબદારી ઉપાડી લીધી. રૂપિયા દોઢ લાખનો એક ચેક શ્રી ચરણોમાં પધરાવ્યો અને દસ હજાર સાડીઓ અને દસ હજાર ધોતી મોકલવાનું વચન પણ આપ્યું. ત્યાર પછી પ્રણામ કરીને ચિનિયા શિક્ષિકાનો કેમ્પ જોવા ઉપડી ગયા.

વિઘ્ન વિચારત ભીરુજન નહીં આરંભ કામ,
વિઘ્ન દેખ છોડે તુરત મધ્યમ ચહ અભિરામ;
પુરુષસિંહ સંકલ્પ કર સહતે વિપત્તિ અનેક,
'બના' ન છોડે ધ્યેય કો રઘુવર રાખે ટેક.

ફરી ફરીને આટલા જ શબ્દોઃ 'રામજી હૈ? રામજી હૈ? રામજી હૈ?' વિનીત અને આર્દ્રસ્વરે તેઓ રટતા જ રહ્યા. ત્યાં બેઠેલા સહુની આંખોમાં પણ આંસુ છલકાયાં.

પલામૂ જિલ્લાની ગરીબી અને ભૂખમરો અરવિંદભાઇથી ન સહેવાયાં. કેમ્પ સફળતાપૂર્વક સમાપ્ત ન થાય ત્યાં સુધી ચોખા ન જમવાની પૂજ્યશ્રીની પાસે પ્રતિજ્ઞા લઇને એ મુંબઇ ગયા.

રંકામાં બનેલા આ પ્રસંગે પૂજ્યશ્રીની ભગવાન શ્રીરામ પ્રત્યેની અનન્યાશ્રિત ભક્તિ અને સાચી શરણાગતિનું એક સર્વોત્તમ ઉદાહરણ જગતને પૂરું પાડ્યું.

અથવા તો ફક્ત એક રાત માટે સંપૂર્ણ 'કર્મસંન્યાસ યોગ' ને ગ્રહણ કરીને ભગવાન શ્રીરામમાં પોતાના અસ્તિત્વને એકાકાર



કરી દીધું હતું. પરિણામે એમની એ તલ્લીનતાએ અરવિંદ ભાઇના સમગ્ર અસ્તિત્વને હચમચાવી નાખ્યું હતું. એમ કરીને ભગવાને સમર્થ યોગીની અદ્‌ભુત શક્તિનું શ્રેષ્ઠ ઉદાહરણ જગત સમક્ષ મૂક્યું હતું.

રંકામાં શ્રીરણછોડદાસજી મહારાજનું અન્નક્ષેત્ર ચાલુ થયાના સમાચાર વર્તમાન પત્રો દ્વારા જોતજોતામાં આખાદેશમાં ફરી વળ્યા. ઓરિસ્સામાં નિષ્કામ સેવા કરી ચૂકેલા પૂજ્યશ્રીથી હવે કોઇ અજાણ નહોતું. તેથી ભારત ભરનાં નાનાં મોટાં શહેર અને ગામડાંમાંથી સહૃદયી મનુષ્યો તરફથી ફૂલ કે પાંખડી રૂપે દરરોજ મનીઓર્ડર આવવા લાગ્યાં. પૂજ્યશ્રીના સાધારણ સ્થિતિના ભક્તોમાંના કોઇએ સિનોન, કોઇએ બીડીના, કોઇએ એક ટંક ભોજનના, કોઇએ એક દિવસની આવકના પૈસા બચાવીને બિહાર મોકલી આપ્યા.

શ્રી ડોંગરે મહારાજે બિહારનાં દીન દુખિયાઓની રાહત અર્થે રાજકોટમાં 'શ્રીમદ્ ભાગવત'નો એક જ્ઞાનયજ્ઞ કર્યો. એમાં એકઠા થયેલા લગભગ ૬૦ હજાર રૂપિયા એમણે પૂજ્યશ્રીને મોકલી આપ્યા.

શ્રી રામનવમીને દિવસે સવારે આઠ વાગ્યે મહોત્સવમાં ભાગ લેવા અને પૂજ્યશ્રીનાં દર્શન કરવા અરવિંદભાઇ સહકુટુંબ આવ્યા. થોડી વાતચીત પછી અરવિંદભાઇ એ પૂછ્યું : 'કેમ્પમાં શાની જરૂર છે? ખર્ચ વિષે કશી ચિંતા ન કરશો.'

પૂજ્ય શ્રી હસ્યા. પછી ધીમે રહીને જણાવ્યું : 'હમેં ૨૨ હજાર ક્વિન્ટલ અનાજ કી જરૂરત હૈ.'

સ્વીકૃતિભાવમાં બે હાથ જોડી અરવિંદભાઈએ આગળ પૂછ્યું : 'બાબા' ઔર કયા?

'ગરીબોં કા અંગ ઢકને કે લિયે કપડા.'

'ઔર કયા આજ્ઞા હૈ, બાબા?'

'બાંધકામ કે લિયે ટાટ કી જરૂરત હૈ. ઈસકે અભાવ કે કારણ નયા કેમ્પ નહીં બન પાયા હૈ.'

'બાબ! ઔર કુછ?'

'રસોઈ બનાને કે લીયે બડે બરતનોં કી કમી હૈ.'

'ઔર કિસ ચીજ કી આવશ્યકતા હૈ બાબા?'

હવે પૂજ્યશ્રીએ સ્થિર નજરે અરવિંદભાઈ તરફ જોયું. બાબા જે કંઈ માગે તે બધું જ આપવાનો મક્કમ નિર્ધાર એમના ચહેરા ઉપર સ્પષ્ટ વંચાતો હતો. ભક્તજનો સ્તબ્ધ બનીને આ વાતચીત સાંભળી રહ્યા હતા. આજ્ઞારૂપી ભઠ્ઠીમાં તપીને સો ટચના સુવર્ણ તરીકે બહાર આવેલા અરવિંદભાઈ પાસે હવે એક જ વસ્તુ શેષ માગવાની રહી હતી : અરવિંદભાઈ પોતે?

આ વાત પૂજ્યશ્રીએ જીભથી ન ઉચ્ચારી. પરંતુ ઊઠતી વખતે શ્રીચરણોમાં પ્રણામ કરતાં અરવિંદભાઈ એ ચીજવસ્તુઓ સાથે પોતાને પણ પૂજ્યશ્રીને અર્પણ કરી દીધા છે એ વાત એમના વર્તને સ્પષ્ટ કરી દીધી. કેમ્પમાં ચારે બાજુ સહુ કોઈ એમના સમર્પણભાવ, શ્રદ્ધા અને અનન્યતાને વખાણી રહ્યાં.

બીજે દિવસે અરવિંદભાઈ મુંબઈ જવાની આજ્ઞા લેવા આવ્યા. પૂજ્યશ્રીએ ખૂબ જ સચોટ અને ભાવવાહી શૈલીમાં એમને દાનનો મહિમા સમજાવ્યો. પછી છેલ્લે ઉમેર્યું—'અરવિંદ! મૈં પ્રતિજ્ઞાપૂર્વક કહતા હૂં કિ જો કુછ ભી તુમ દોગે સો બહુત હી



જલદી ભરપાઈ હોકર તુમ્હારે પાસ વાપસ આ જાયેગા. યહ અન્નદાન નહીં હૈ, પ્રાણદાન હૈ. હજારોં ભોજન કરનેવાલોં મેં યદિ એક ભી સુપાત્ર વ્યક્તિ આ ગયા તો ઉસ દાન કે પુણ્ય કી રઘુનાથજી કે બાણ કી તરહ દિન પ્રતિદિન વૃદ્ધિ હી હોતી જાએગી ઔર તુમ્હારી જબ અગ્નિ પરીક્ષા હોગી તબ યહ દાન કવચ બનકર તુમ્હારી રક્ષા કરેગા.'

★ ★ ★

એક દિવસ સરૈયાથી શાલિગ્રામ નામના પૂજ્યશ્રીના એક ગૃહસ્થ ભક્ત આવ્યા, ઉંમર પચ્ચીસેકની. એમને ગળાનું કેન્સર થયેલું. કાનની પાછળ મોટો ઘા હતો. ગળા નીચે પાણી પણ ઊતરતું ન હતું. ડોકટરી ઈલાજથી એમાં કશો લાભ થયો ન હતો. પૂજ્યશ્રીએ એમને સમજાવ્યાઃ 'દેખોભાઈ, યહ તો કેન્સર હૈ. ઈસમે મૈં કયા કર સકતા હૂં?'

શાલિગ્રામજીએ અતિ દીનભાવે કહ્યુંઃ 'આપ જ મારા તારણહાર છો. મને બચાવો.' આનંદીભાઈએ એમાં સાથ પુરાવ્યો. તેઓશ્રીનું ચિત્ત આર્દ્ર બન્યું. તેમણે કહ્યુંઃ 'અચ્છા. તો પહેલે કાન સાફ કરવાઓ. બાદમેં ફોડે કી સુરાખ મેં ઘમોઈ કે પત્તે કા રસ ભર દો. તીન રોજ મેં ઠીક હો જાયેગા.'

પૂજ્યશ્રીની કૃપાથી ત્રણ દિવસમાં જ ઘા રૂઝાઈ ગયો. અસંભવિત સંભવી બની ગયું.

ચોથા દિવસથી પૂજ્યશ્રીની આજ્ઞાથી શાલિગ્રામજીએ દૂધ—રોટલી જમવાં શરૂ પણ કરી દીધાં. આજે એ સંપૂર્ણ નીરોગી છે અને નેત્રયજ્ઞના રસોઈઘરમાં ખડે પગે સેવા કરે છે.

# त्वमेव पितरौ न च विप्रयोगः ।

—જ્યોત્સ્નાબહેન ત્રિવેદી

## તમે જ માતા—પિતા

આજે પિતાનો બ્રહ્મપુરીના આંગણે ૯૬મો જન્મદિવસ છે. એ પિતૃજીવનને વધાવવાની દિલમાં એક અનેરી હોંશ છે. પૂ.શ્રી માની નિશ્રામાં આ ઉત્સવ છે ત્યારે અનેક સંસ્મરણો માનસ પટ પર તરી આવે છે અને પૂ.શ્રી માની જ પ્રેરણાથી તેનું આલેખન થઇ રહ્યું છે.

જે માતા પિતાને ખોળે નેત્રો ઉઘડ્યાં તે માતા—પિતાની સાથે સાથે એક આકાશ જેવું છત્ર સાંપડ્યું. પ્રભુ યોગેશ્વર ભગવાનનું. પિતાના જીવનની ધ્રુવ પંક્તિ પ્રભુ જ રહ્યાં. માતાએ તેમાં સૂર પૂરાવ્યો અને જીવનને સંગીતમય સાઝથી સઝાવી પ્રભુના સૂરમાં સૂર મેળવી દીધો. સમગ્ર જીવન શ્રી ચરણે જ અનન્ય ભક્તિ, જાણે યોગેશ્વર પ્રભુથી વધુ ચઢિયાતું જીવનમાં કંઇ જ નહીં. કોઇ જ બાહ્ય અન્ય આશ્રય નહીં. જીવનના સુખ દુઃખમાં, સારા માઠા પ્રસંગોમાં એ એક જ શરણ રહ્યું. વિદ્યાર્થી જીવનથી આરંભાયેલી એ મિત્રતા પ્રભુના સ્થાન સુધી પહોંચી. આદરણીય ગુરુદેવ બની ગયા. અને અત્યારે તો કાકાનો શ્વાસ પ્રશ્વાસ બની ગયા છે. ઉઠતાં બેસતાં હાલતાં ચાલતાં મા અને પ્રભુ.

પૂ.મા પર પણ કાકાનો અનન્ય પ્રેમ. જીવનમાં સૌથી મોખરે એ જ પ્રવૃત્તિ. અનન્ય વિશ્વાસ તેમના મહિમા અને મહાત્મ્યના જ ગુણગાન શરીર સાથ આપે ન આપે, કંઇક અડચણો આવે



પણ માના દર્શને આવવું જ પડે. અંબાજીનો લાંબો માર્ગ એ પ્રેમના તંતુએ જાણે ટૂંકો થઇ જાય. અને માનો પ્રેમ જાણે તેમના આયુષ્યની દોરીને લંબાવતો જાય. તેમના હૃદયમાં પ્રભુ ભક્તિ માના મહિમાના મીઠા ગાન ગાતી જાય. એ મધુર સ્પંદનો જાણે એમના જીવનનો ધબકાર જ ગણાય.

કાકા ખૂબ પ્રેમાળ. એક સૂત્ર એવું પણ ખરું કે પરિવારને પ્રેમ કરવો એ ઈશ્વરને પ્રેમ કરવા બરાબર છે. માતા પિતા, ભાઇ બ્હેન, ભાભીઓ, ભાણેજ, ભત્રીજાઓને પણ ખૂબ પ્રેમ કરે. નિસ્વાર્થ રીતે કરે. પરિવાર પરના પ્રેમનો ઉત્તમ વારસો માતા પિતા પાસેથી મળેલો. તેમને ઉદાત્ત ચરિત્ર પિતા અને માતા સંસ્કારી વારસામાં મળ્યા હતા.

પિતાને જમાડવાનો ખૂબ મહિમા. પોતાને ત્યાં કોઇક જમવાનું હોય તો પિતાજી આખા ફળિયાને જમાડે. ગામમાં કોઇ અમલદાર, પોસ્ટમેન સહુને નિયમિત જમાડતા. ગામડામાં દવાખાનું નહોતું તો બહુ બધી દવાઓ લાવી રાખતા અને સહુની દવા કરતા. માતા પણ તેવાં જ કોઇ ‘નખ્ખોદ જજો’ તેવી ગાળ આપી જાય તો પણ તેને જમાડતાં. ગામમાં પણ કોઇ ભૂખ્યું ન રહે તેની કાળજી રાખતા. આ વારસો કાકા—જીજીએ પણ જાળવ્યો. પાણીની તંગીના સમયે બંબાવાળા પાણી આપવા આવતા તો જીજી વહેલી સવારે ઉઠી ચા પીવડાવતાં. કાકા આજે પણ થેલામાં બિસ્કીટનાં પેકેટ રાખે. કૂતરા, ભિખારી, નાનાં બાળકો સહુને ખૂબ પ્રેમથી આપે.

કાકાએ જીવનમાં સંબંધો ખૂબ સરસ રીતે ઘડ્યા, સાચવ્યા,

જાણે સંબંધોના શીલ્પી. સા રીતે એક વખત સંબંધ બાંધ્યા પછી કદી છોડ્યો નથી. જો તે સ્થળમાં જવાનું થાય તો પરિશ્રમ લઇને પણ ત્યાં જાય. કદી ખાલી હાથે ના જાય. અને તેમના સુખ દુઃખના દરેક પ્રસંગો સાચવે. માત્ર બે મહિનાના પડોશી શ્રીહરીશ કોન્ટ્રાક્ટરનો સંબંધ આજ સુધી સાચવ્યો કે તેમની વિદાય પછી પણ વડોદરા સુધી મળવા ગયા. પ્રભુ સાથેની મૈત્રી એવી જ શ્રી વિઠ્ઠલ પંડ્યા સાથેની મૈત્રી. સંબંધો એ જાણે એમની જાતે કંડારેલું એક સંબંધ સ્થાપત્ય છે.

પ્રકૃતિથી કાકા ખૂબ શાંત. સામાન્ય રીતે નાની નાની બાબતો તેમને ઉશ્કેરાટ ન આપે. કોઇપણ બનાવને ખૂબ શાંતિથી લે. કોઈને પણ કંઇ ન આવડતું હોય તો ખૂબ શાંતિથી શીખવે. દાદા ને મોટાકાકાનો ઉગ્ર સ્વભાવ અને તેનાથી બાળકોમાં પેદા થતો ભય કે સંબંધો વચ્ચે નિર્માણ થતું અંતર, તે માટે તે ખૂબ જાગૃત. અકારણ કે સકારણ કદી ગુસ્સો કરે નહીં અને કદીક આવી જાય તો માથે બરફ મૂકવો પડે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય—પણ જવલ્લેજ.

કાકા ખૂબ નીતિમાન. એવું માને કે ખોટી સંપત્તિ કદી સુખી ન કરે. સરકારી ઓફિસર સેક્રેટરીએટમાં ખાંડ અને લાકડા કોલસાની લાયસન્સ આપવાની પોસ્ટ કે જેમાં અઢળક ઉપરની કમાણી થાય, ત્યાં લાંચ તો શું, પણ ભેટ સોગાદો પણ નથી લીધી. માહિતી ખાતામાં ખર્ચા કરવાની સત્તા, છતાં પણ કદી એ દિશામાં ડોકિયું પણ નથી કર્યું. પથારીમાં પડ્યા તેવી ઉંઘ આવી જાય. નીતિમાન જીવન જીવીને તો એ દાદા તરફથી મળેલો



વારસો તેમણે જાળવ્યો. પત્ની તરીકે જીજી પણ જાગૃત કે વધારાના પૈસા હોય તો પૂછે ક્યાંથી આવ્યા? દરેક ક્ષેત્રમાં સંબંધોમાં ખૂબ નીતિવાન વ્યવહાર.

દાદાનું જીવન એવું કે કદી જીવનમાં જુઠ્ઠું નહીં બોલેલા. તેમનું સત્ય એ જ તેમનો ઈશ્વર હતો અને ઈશ્વર પર અનન્ય ભરોસો હતો. કાકાને પણ સત્ય ખૂબ પ્રિય. જીવનમાં જો કોઇને બહુ મોટું નુકશાન ન થતું હોય તો તે કદી પણ જૂઠ્ઠુ ના બોલે. માહિતી ખાતા જેવું સરકારી ખાતું પત્રકારોથી પનારું. બે ધારી તલવાર જેવું કામ, પણ તેમાં તેમણે સત્યને જ પ્રાધાન્ય આપ્યું. તેથી હેરાન પણ થયાં.

સત્યનું આચરણ નિર્ભય હોય તે જ કરી શકે. કદી કોઇ વ્યક્તિથી કે કોઇ પ્રસંગથી કદી તેઓ ભય ન પામે. કોઇની ખોટી શેહમાં ન આવે, કદી કોઇનાથી ન ડરે. મીનીસ્ટરો સાથેની ટસલમાં પણ નિર્ભય. બહુ કરશે તો બદલી કરશે, તેનાથી વધારે શું કરવાના?

કાકાના એક ડ્રાઈવર મહેસાણામાં ખૂબ પઝવે. ઓચિંતાના બે બે ત્રણ ત્રણ દિવસ કામ પર ન આવે. ખૂબ કાલાવાલા કરી નભાવ્યા છેવટે તેમના ખૂબ વખાણ કરી કરી રાજીનામું લીધું. સરકારી નોકરીમાંથી કોઇને છૂટા ન કરાય પણ તે અનિવાર્ય હતું. પણ કોઇકની નોકરી ગયાનું તેમને ખૂબ દુઃખ હતું. આજે પણ તેમને એ ખરાબ કાર્ય તરીકે ડંખે છે.

નોકરી કે કોઇપણ કામમાં કાકાની ખૂબ નિષ્ઠા. મહાગુજરાતના તોફાનો સમયે તોફાનોની વચ્ચે પણ ગાડી લઇ

જઇ પોતાની ફરજ ખૂબ નિષ્ઠાથી બજાવતા. અધ્યાત્મના કામમાં પણ તેમની તેવી જ નિષ્ઠા. એક વાર તેમને કૂતરું કરડ્યું તેમાં ડૂંટીમાં લીધેલા ઇન્જેકશની ગાંઠ થઇ. એનેસ્થેસિયા આપી ઓપરેશન કર્યું. પણ જયારે ભાનમાં આવ્યા ત્યારે કહે પેલા પ્રેસવાળાભાઇ પ્રૂફ આપી ગયા હશે હું જોઇ લઉં. અને માંદગીમાં પણ તેમણે પ્રૂફ જોયાં, કામ પ્રત્યેની કેવી લગન?

કોઇપણ વસ્તુને જાણવી તો તેના મૂળ સુધી જવું અને તેને માટે પછી ભલે ન જાણે કેટલાંય પુસ્તકોનો અભ્યાસ કેમ ન કરવો પડે! તો તે કરે પણ અને પહોંચે. પછી તે શાસ્ત્ર હોય વિજ્ઞાન હોય કે તંત્રજ્ઞાન હોય, ખૂબ એકાગ્રતાથી તેનો અભ્યાસ કરે જ અને તેની બધી જ માહિતી મેળવે અને એટલે સુધી શીખે કે બીજાને પણ સહેલાઇથી શીખવી શકે. કાકા ખૂબ સહૃદયી. કોઇકની વેદના તેમને તરત સ્પર્શી જ જાય. આંખમાં આંસુ તો આવી જાય પણ તેને ઉત્તમ રીતે ઉપયોગી કેમ થવાય તેના તે બધા પ્રયત્નો કરે. એમના ગાર્ડનમાં ફરવા આવનાર વૃદ્ધના પુત્રને ડેંગુ થયો. મને કહે તેને હોસ્પિટલમાં તો રાખ્યો છે. પણ તેને શું શું કુદરતી ઉપચાર કરી શકાય? મુંબઇ ફોનથી પૂછી જાણી લીધું કંઇક કેટલાંય પ્રત્યે તેમની ગુપ્ત દાનની ગંગા વહે. અને મેળવનારા ક્યારેક અધિકાર પણ કરી જાય.

કાકાથી કોઇનું દુઃખ તો સહન જ ન થાય. તેમને એટલી બધી દયા આવે. અમારા ગામમાં એક બ્હેન અમારે ત્યાં કામ કરતાં, કાકાને ખબર પડી કે તેના દીકરાને ટી.બી. થયો છે ઘરમાં ખાવાનું નથી તો બીજે દિવસે બધું અનાજ ભરાવી આપ્યું.



એક વર્ષ સુધી વ્યવસ્થા પણ કરી કે તેમને અનાજ, પાણી, વસ્ત્રો ચંપલુ બધું જ મળી રહે. આજે પણ ગામમાં દર મહિને પૈસા મોકલે છે. કોઇ બાળક કે ગામનો કોઇ વ્યક્તિ ચપ્પલ વિનાનો ન રહે.

કોઇએ નાનો પણ કરેલો ઉપકાર કાકા કદી ભૂલે નહીં. વાણીથી, વ્યવહારથી તેનો ખૂબ ખૂબ આભાર માને. પછી તે ઘરનું બાળક સુકૃતિ હોય કે રસ્તે જનાર હોય. તેના ઉપકારનો બદલો વાળવા તો પ્રયત્ન કરે પણ હમેશાં તેનું ઋણ માથા પર રાખે. ન થાય તો છેવટે તેમને માટે પ્રાર્થના પણ કરે. કોઇના ઘરે પણ કદી ખાલી હાથે ન જાય. જેવું પાત્ર તેવી ભેટ હમેશાં આપે. વોચમેનાના પગાર ખૂબ ટૂંકા હોય એટલે કાકાએ તેના સમગ્ર પરિવારને માટે વસ્તુઓ મોકલી. તેનાં બાળકોએ કહ્યું, દાદા કે ફોટું નહીં લાયે? કેરીની સીઝનમાં કામવાળાનું આખું ઘર ખાઇ રહે તેવી રીતે આપે. જીજી મોટું તપેલું ભરી રસ, ફરસાણ, દાળ ભાત શાક બનાવે. રોટલી તેનાથી થતી નહીં. આજની જેમ ત્યારે તૈયાર ન મળતી તો કહે રોટલી કરી લેજો. આવા આખા પરિવારને જમણ કરાવે, કારણ આપણું કામ કરે છે. ભલે પૈસા આપીએ તો શું થઇ ગયું? કાકા—જીજી બંનેની આ વિચારસરણી.

કાકા શ્રેષ્ઠ દાની. તેમના દાનોની ક્યાંય જાહેરાત નથી. વિદ્યાર્થીઓને ભણાવવા. તેમની જરૂરિયાતો પૂરી પાડવી. રોજ ચોકલેટ બિસ્કીટ, રમત ગમતનાં સાધનો જેવી સહાય. જ્યાં જરૂર તે ગુપ્ત રીતે પોતે સામે ચાલી આપી આવે. માત્ર ધનથી,

તનથી પણ ઘસાય. કોઈને ત્યાં અકાળ મૃત્યુ, અકસ્માત મૃત્યુ એવું કંઇ થાય તો નિયમિત દિવસો સુધી જાય, જાણે હૂંફનું પણ દાન.

ગામના બાળકો સારી રીતે રમી શકે તે માટે ક્રિકેટનાં સાધનો લાવી આપ્યાં. એટલે તો દાદા ગામ આવે તેની રાહ જોતા હોય.

પૂ.માનાં સત્કર્મોમાંથી પ્રેરણા લઈ અમારા ગામનાં નાના બાળકોને દફતર, સ્વેટર, સ્કાર્ફ ને ટોપીઓ પણ આપી. તો થોડા લોકોને શાલો ને ધાબળા પણ આપ્યા. તેઓ માને કે આપણી શક્તિ પ્રમાણે નાનું નાનું સત્કર્મ તો જરૂર કરી શકીએને!

આમ અમારા પિતાજી ભલે કોઈ ધનાઢ્ય કે જાણીતી વ્યક્તિ ન હોય પરંતુ એક સરસ માનવ તરીકેનું ગૌરવ લઈ શકે તેવું તેમનું જીવન. અમો સંતાનો માટે તો જીવનમાં પ્રેરણાસ્પદ બની રહ્યું છે. એટલે જ અમારા દિલનો આદરભાવ આ શબ્દોમાં વ્યક્ત થયો છે. બીજા જન્મમાં જો માનવ જન્મ મળે તો ત્વમેવ પિતરૌ ન ચ વિપ્રયોગઃ । તમે જ માતા–પિતા તરીકે પ્રાપ્ત થજો એ જ પ્રાર્થના.

(નોંધઃ– દીકરીનો આ લેખ અમે જોઈ ગયા છીએ. તેમાં તેનો અમારા પ્રત્યેનો આદરભાવ સહજરીતે અભિવ્યક્ત થયો છે એ સમજી શકાય છે. એટલે તેમાં આદરભાવની માત્રા થોડી વધી ગઈ હોય એવું લાગે, તો થોડું ડીસ્કાઉન્ટ કરી દેવા વિનંતી.

–તંત્રી)



# એક ભાવનાત્મક વડીલની વાત

ડૉ. સુધીર મોદી

દવાખાનામાં પોતાનો વારો આવતાં એક વડીલ મારી કેબિનમાં કેસ લઈને દાખલ થયા. સામાન્ય બાંધો, ગૌરવર્ણ, આછા થયેલા સફેદ વાળને કારણે મોટું લાગતું કપાળ, પીળો અડધી બાંયનો બુશકોટ અને સફેદ પેન્ટ, તેમના સફેદ વાળ વાર્ધક્ય કરતાં તેમના વ્યક્તિત્વના શાંત અને ઠરેલપણાના ઓજસ પાથરતા હતા. કેસ પેપર ટેબલ પર મૂકતાં નજરમાં આવી ગયું કે ગૌરવર્ણ હોવા છતાં તેમના હાથના આંગળાના ટેરવા કાળા છે.

કેસ પેપર પર તેમના દીકરાનું નામ હતું. મારે ત્યાં સામાન્ય રીતે કેસ પેપરમાં એક મુખ્ય વ્યક્તિનું નામ લખાતું હોય છે. તેમાં જ કુટુંબના સભ્યોના નામ જે દિવસે સારવાર લેવા આવે ત્યારે લખતા હોઈએ છીએ. તેના કારણે તે કુટુંબની કોઈપણ વ્યક્તિ સારવાર લેવા આવે ત્યારે તે કુટુંબનું બેકગ્રાઉન્ડ મગજમાં હોય.

મેં કેસ પેપર હાથમાં લઈ પૂછ્યું, તમારા દીકરાના નામનો કેસ છે?

તેમણે કહ્યું, હા, હું ભગવાનની દયાથી ખાસ બીમાર પડતો નથી. એટલે ભાગ્યે જ દવાખાને આવવાનું થાય છે.

તેમના દીકરાને ઓળખું જે કંપની સેક્રેટરી છે. તકલીફ પૂછતાં જણાવ્યું કે ત્રણ દિવસથી કમરમાં દુખાવો થાય છે. તેમને

તપાસી કેસ પેપરમાં સારવાર લખી તેમજ પ્રિસ્ક્રિપ્શનમાં પણ દવા લખી આપી.

સારવારની વાત પત્યા પછી પૂછ્યું—તમારા હાથના આંગળાના ટેરવા કાળા કેમ છે? સામાન્ય રીતે આવી વ્યક્તિના આંગળા આવા કાળા ના હોય તે ધ્યાન પર આવેલું.

ડોક્ટર જો ધ્યાનથી પ્રેક્ટિસ કરતો હોય તો પેશન્ટ કેબિનમાં આવે ત્યારે તેની ચાલ, વાત કરવાની ઢબ, બેસવાની રીત તેમજ તેના શરીર પર સર્વગ્રાહી નજર ફેરવી લેતો હોય છે. ઘણું કરીને તેના દર્દનો થોડો ખ્યાલ પણ આવી જાય. આ ઉપરાંત પેશન્ટની બોલવાની ઢબ પરથી કયા પ્રદેશનો છે. દા.ત. મહેસાણા બાજુનો ઉત્તર ગુજરાતનો છે કે ચરોતરનો છે, અથવા સૌરાષ્ટ્રનો ભાવનગર બાજુનો છે કે જૂનાગઢ બાજુનો છે તે ખબર પડી જાય. તેમજ જુવાન છોકરાની વર્તણૂક પરથી તેના વિવેક વગર બોલવા પરથી કે આછકલાઈથી એ પણ ખ્યાલ આવે કે Neorich (થોડા સમયમાં ઝડપથી પૈસાદાર થયેલો) છે કે સારા સંસ્કારી કુટુંબનો છે. તેમજ પેશન્ટ બેઠો હોય ત્યારે જ દર્દની ગંભીરતાનો અણસાર આવી જાય છે.

વલ્લભદાસે આંગળાના કાળા ટેરવાના જવાબમાં કહ્યું, ‘પ્રાઈમસ રિપેરિંગના કારણે!’

મને આશ્ચર્ય થતાં પૂછ્યું, શું તમે પ્રાઈમસ રિપેરિંગ કરો છો?

મને તો એમ કે પ્રાઈમસના જમાના ગયા. ‘હા, સાહેબ પ્રાઈમસ રિપેરિંગ!’



પ્રાઈમસ તો જતા રહ્યા!

ના સાહેબ, એવું નથી. આપણને સુખી લોકોને અમુક વાતની ખબર હોતી નથી. ગેસની પાઈપલાઈન કે ગેસના સિલીંડર જ જોતા હોઈએ છીએ. શહેરમાં હજુ ગરીબોને ત્યાં પ્રાઈમસ જ હોય છે.

મને તેમની વાતમાં રસ પડતાં, તેમણે જણાવ્યું કે નાની ઉંમરમાં બાપુજી ગુજરી જતાં ઘરની જવાબદારી આવી પડી.

અમારી લોહાણા જ્ઞાતિમાં એવું ખરું કે નોકરી કરવા કરતાં ગમે તે કોઈ નાનો મોટો ધંધો કરવો સારો. તેથી શહેરમાં સાઈકલ રિપેરિંગ અને પ્રાઈમસ રિપેરિંગની દુકાન કરેલી તે હજુ ચાલે છે. દીકરાને સારું ભણાવી કંપની સેક્રેટરી બનાવ્યો અને પૌત્ર સી.એ.નું ભણે છે. બધી રીતે સુખી છું, તો પણ હજુ ૭૬ વર્ષે ફક્ત પ્રાઈમસ રિપેરિંગનું કામ કરું છું.

મેં પૂછ્યું કેમ?

વલ્લભદાસે કહ્યું, દીકરો તો ઘણા સમયથી નિવૃત્ત થવાનું કેજ છે. પરંતુ જ્યાં સુધી હાથપગ ચાલે છે ત્યાં સુધી કામ કરવું જોઈએ. સવારે સેવાપૂજા કરી જમ્યા બાદ દુકાને જવાનું અને આ ગરીબ લોકોના પ્રાઈમસ રિપેર કરી આપવાના. સાહેબ, ગરીબોના ઘરમાં જ પ્રાઈમસ હોય છે. રિપેરિંગ બાદ તેઓ જે કંઈ આપે તે રાજીખુશીથી લઈ લેવાનું. રકઝક નહિ કરવાની. જરૂર પડે ખૂબ ગરીબ હોય તો મારા ખર્ચે પણ પાર્ટસ નાખી આપવાનો. આ રીતે ગરીબોની સેવા થાય છે. મંદિરો કે આશ્રમોમાં જવાથી પ્રભુ સેવા થાય તેવું કોણે કહ્યું? ગરીબોની

આ રીતે સેવા કરવાનો પ્રયત્ન કરું છું. સમય પણ જાય છે અને હાથપગ પણ ચાલતા રહે છે.

તેમની વાત સાંભળી મને આનંદ થયો અને તેમના પ્રત્યે માન પણ થયું. જેને ગરીબોની દીનદુખિયાની સેવા કરવી છે તેના માટે ઘણા ઘણા રસ્તા છે. તેની જાહેરાત કે ઢંઢેરો પીટ્યા વગર પોતાના મનહૃદયથી સાચું અને સારું લાગે તે કરવાનું.

સામાન્ય સંસારી માણસની કેવી સરસ ભાવના અને કાર્ય! જનસેવા તે જ પ્રભુસેવા!

★ લોકો પોતાના ભૂતકાળને યાદ કરી કરીને વર્તમાનના આનંદને નષ્ટ કરી દેતા હોય છે. મોટા ભાગના લોકો એમના આનંદને ભવિષ્યના વિચારોમાં પણ વર્તમાનને બરબાદ કરી નાંખે છે. ગઈકાલને ભૂલી જાઓ. આવતીકાલને ભવિષ્ય માટે સાચવી રાખો. જે સમયમાં તમે છો એને પૂરેપૂરી રીતે આત્મસાત કરો.

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭



# રસેશ્વરી

**યોગેશ્વરજી**

એ સંબંધમાં રાધા બીજું તો શું કરે? શું કરી શકે? પરંતુ એ મહાભયંકર મહાયુદ્ધની માહિતી મળતાં એણે કૃષ્ણની સફળતાની અને પાંડવોના વિજયની કામના કરી.

‘પાંડવોને જોયા નથી તોપણ મારું હૃદય કોણ જાણે કેમ એમની સફળતાની શુભ કામના કરી રહ્યું છે.’ એણે સુપ્રિયાને કહેવા માંડ્યું; ‘જેમનો પ્રત્યક્ષ પરિચય ના હોય એમને માટે પણ પ્રેમાનુભવ થયા કરે છે એ કેવું આશ્ચર્ય છે? કદાચ કૃષ્ણ એમના પક્ષે છે એટલે મારું દિલ એમની પ્રત્યે આકર્ષાતું અને એમની કલ્યાણ કામના કરતું હશે.’

સુપ્રિયાએ કહ્યું :

‘તારી કામના સફળ થશે એ નિશ્ચિત છે. જેમના પક્ષે કૃષ્ણ હોય તેમનો સર્વદા વિજય જ હોય.’

‘સુપ્રિયા, એ કેવું કરુણ છે કે કૃષ્ણનું જન્મથી માંડીને આજ સુધીનું સમસ્ત જીવન સંઘર્ષમાં જ વીત્યું છે અને હવે જીવનના આ ઉત્તર કાળમાં પણ એમને આરામ નથી. યુદ્ધ નહિ કરવાનું પણ યુદ્ધમાં ભાગ તો લેવાનો ને?’

‘એમનું જીવન જ પરાર્થે—લોકકલ્યાણને માટે છે, અને લોકકલ્યાણ કરવા માગનારને જીવનના છેલ્લા શ્વાસ સુધી આરામ ના હોય. એનું જીવન કલ્યાણકાર્ય કરતાંજ સમાપ્ત થાય.’

'સાચું છે. એનું જીવન લોકકલ્યાણ માટે છે પરંતુ એનું કશું અમંગલ ના થાય—એટલે થયું. નહિ તો મને કાંઇનું કાંઇ થઇ જશે. યુદ્ધ મંગલમય થોડું જ હોય છે? એ માનવ, માનવસમાજ, સંસ્કૃતિ, સૌનો સંહાર કરે છે. સર્વભક્ષી બને છે.'

થયું પણ એવું જ.

રાધાની આશંકા સાચી પડી. એની ભવિષ્યવાણી યથાર્થ ઠરી.

મહાભારતનો એ મહાભીષણ મહાસંગ્રામ સર્વભક્ષી બનીને ભારે વિનાશ સરજી ગયો.

કૌરવપાંડવોના પક્ષના અસંખ્ય યોદ્ધાઓ નાશ પામ્યા.

બાળકો અને સ્ત્રીઓનાં કરુણ ક્રંદન ચારે તરફ ફરી વળ્યાં.

મહાભારતને અંતે યુધિષ્ઠિરનો રાજ્યાભિષેક થયો તોપણ એમને શાંતિ ના મળી.

એમનું અંતર અસંતુષ્ટ જ રહ્યું.

મહાભારતના મહાયુદ્ધમાં પાંડવોનું સફળ માર્ગદર્શન કરીને એમને વિજેતા બનાવ્યા પછી કૃષ્ણ દ્વારકામાં પાછા આવ્યા ત્યારે એક બીજી શકવર્તી મહત્ત્વની ઘટના બની.

એકાદ સાધારણ સ્ફુલ્લિંગમાંથી જેમ અગ્નિની અસાધારણ જ્વાળા પ્રકટે તેમ એ નાની સરખી ઘટનાએ ઘણું મોટું રૂપ ધારણ કર્યું.

મહાભારતના મહાયુદ્ધ પછીનું છત્રીસમું વરસ ચાલી રહેલું.

એ દરમિયાન વિશ્વામિત્ર, અસિત, કણ્વ, દુર્વાસા અને નારદ જેવા પ્રાતઃસ્મરણીય પુણ્યશ્લોક મુનિઓ દ્વારકામાં પધાર્યા.



એમની મશ્કરી કરવાના ઉદ્દેશથી સારણ વગેરે વીર યાદવો સામ્બને સ્ત્રીવેશ પહેરાવીને એમની પાસે લઇ ગયા ને બોલ્યા :

'મુનિવરો, આ મહાપ્રતાપી વીર બભ્રુની સ્ત્રી છે. એને પુત્ર પ્રાપ્તિની ઇચ્છા છે. તમારી દિવ્ય દૃષ્ટિ અને અલૌકિક શક્તિથી કહી બતાવો કે એને શું થશે, પુત્ર કે પુત્રી?'

દુર્વાસાએ યાદવોના છળકપટને ઓળખી લઇને ઉત્તર આપ્યો : 'એને પુત્ર કે પુત્રી નહિ થાય પણ મૂશળ થશે.'

'મૂશળ?'

'હા. મૂશળ. આ કોઇ સ્ત્રી નથી પણ સામ્બ છે. એની ને તમારી બુદ્ધિ ભ્રષ્ટ થઇ ગઇ છે માટે જ તમે બધા અમારી મશ્કરી કરવા આવ્યા છો. એનો દંડ તમને થોડા વખતમાં જ મળી રહેશે. એ જે મૂશળને પેદા કરશે તેને લીધે તમારા સમસ્ત કુળનો નાશ થશે. ફક્ત કૃષ્ણ ને બળરામ એની અસરથી મુક્ત રહેશે.'

યાદવો ભયભીત થઇ ગયા.

મુનિની વાણીનો પૂર્વાર્ધ સાચો ઠર્યો.

સામ્બના પેટને વસ્ત્રોથી રહિત કર્યું તો એમાંથી ખરેખર મૂશળ નીકળ્યું.

એ વાણીનો ઉત્તરાર્ધ પણ સાચો ઠરશે એવી આશંકાથી યાદવોનાં ચિત્ત ચિંતાતુર બની ગયાં.

યાદવોના રાજા ઉગ્રસેને મુનિનો શાપ સાંભળીને, યદુકુળના વિનાશને ટાળવાની ઇચ્છાથી, મૂશળના ચૂરેચૂરા કરાવીને સમુદ્રમાં નંખાવી દીધા, મૂશળની લોઢાની ચીપને પણ ઘસાવીને

નંખાવી દીધી, ને રાજ્યમાં બધે ઘોષણા કરાવી કે કોઈ ભૂલેચૂકે પણ મદિરાપાન ના કરે.

પરંતુ મુનિનો શાપ મિથ્યા થાય તેમ ન હતો. એણે પોતાનું કામ અદૃષ્ટ છતાં ચોક્કસ રીતે કરવા માંડ્યું.

રુકમીની પુત્રી કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ન સાથે પરણાવેલી અને એની પૌત્રી રોચનાનું લગ્ન પ્રદ્યુમ્નપુત્ર અનિરુદ્ધ સાથે થયેલું. એવી રીતે યાદવ અને ભોજ રાજવંશોનો લગ્નસંબંધ ત્રણ પેઢી સુધી ચાલેલો.

રોચનાના લગ્નપ્રસંગ પછી બધા સંબંધી દ્યૂત રમવા બેઠા.

રુકમી બળરામ સાથે રમવા લાગ્યો ત્યારે એના મિત્ર કલિંગરાજે દર્શકનું કામ કર્યું.

રમતાં રમતાં રુકમીએ બળરામને કહ્યું :

'તમે તો ગોવાળો છો. ગાયો ચરાવો. દ્યૂત રમવાનું કામ તો ક્ષત્રિય રાજાઓનું છે.'

બળરામે પોતાની એ અવજ્ઞાથી ઘવાઈને, ક્રોધવશ બનીને, રુકમીના મસ્તક પર હાથીદાંતનો પાસો માર્યો.

વૃદ્ધ રુકમી એથી તરત જ બેહોશ થઈને ઢળી પડ્યો, ને મરી ગયો.

એ દેખીને કલિંગરાજ દોડવા માંડ્યો, પરંતુ બળરામે એને પકડીને એના દાંત તોડી નાખ્યા.

સંહારનું ચક્ર એવી રીતે ચાલુ થયું.

કૃષ્ણે સૌને તીર્થયાત્રા કરવાની સલાહ આપી.

એ સલાહને અનુસરીને સૌ સમુદ્રતટવર્તી પ્રભાસતીર્થમાં જવાની તૈયારી કરવા લાગ્યા.



પ્રભાસમાં પહોંચી ને સાત્યકિએ મદ્યાવેશમાં વિવેકાંધ બનીને કૃતવર્માનો ઉપહાસ અથવા અનાદર કરીને કહ્યું :

'તું એકદમ અધમ છે.'

'કેમ?'

'તું તને વીર માને છે, પરંતુ રાતે શબ સમાન સૂતેલા શસ્ત્રહીન માનવોની તારી પેઠે હત્યા કરનારને વીર ના કહેવાય. તારો અપરાધ કદી પણ ક્ષમા ના કરી શકાય તેવો છે.'

પ્રદ્યુમ્ને એનું સમર્થન કર્યું. એથી કૃતવર્મા ક્રોધે ભરાયો. એણે કહ્યું :

'તું મારે માટે ફાવે તેવો બકવાદ કરે છે, પરંતુ તું પણ નીચ છે. ભૂરિશ્રવાની બાંય કપાયલી અને એ આમરણ અનશનવ્રત લઈને યુદ્ધભૂમિમાં બેઠેલા તે વખતે તેં વીર હોવા છતાં એની નિર્દયતાપૂર્ણ હત્યા કેવી રીતે કરી?'

સાત્યકિ ભારે ઉત્તેજનાપૂર્વક બોલ્યો :

'છતાં પણ હું વીર છું. મહાવીર.'

'તારા વિના તને કોઈ જ વીર નથી કહેતું.'

'તારા બકવાદ પરથી તું મરવા માટે ઉતાવળો થયો હોય એવું લાગે છે. હરકત નહિ. તને હમણાં જ દ્રૌપદીના પાંચે પુત્રો, ધૃષ્ટદ્યુમ્ન ને શિખંડીની પાસે પહોંચાડી દઈશ.'

કૃષ્ણની પાસેથી ઊઠીને સાત્યકિએ ક્રોધમાં ને ક્રોધમાં તલવારની મદદથી કૃતવર્માનું મસ્તક ઉડાવી દીધું ને બીજા વીરોને પણ મારવા માંડ્યા.

(ક્રમશઃ)